# બિંદુ માં સિંધુ



ચિત્રભાનુ



# લઘુ અને ગુરુ

સૂર્ય પોતાનાં પ્રતાપી કિરણોથી જગતને પ્રકાશિત કરી રહ્યો હતો. નિર્ગ્રન્થનાથ ભગવાન મહાવીર જ્ઞાનનાં કિરણોથી પ્રાણીસમૂહનાં હૈયાંઓને પ્રકાશિત કરી રહ્યા હતા.

વસુંધરાને પાવન કરતા પ્રભુ આજ તો રાજગૃહનગરના મનોહર ઉદ્યાનમાં પધાર્યા છે. ગુણશિલચૈત્યમાં પ્રભુએ આસન જમાવ્યું છે. મગધરાજ બિંબિસાર અને પ્રજાજનો પ્રભુનાં દર્શને આવ્યાં છે. સૌનાં હૈયામાં હર્ષ તો ક્યાંય મા'તો નથી.

શું પ્રભુનાં શાન્ત નયનો છે! શું એમની સૌમ્ય આકૃતિ છે! શું એમનો સંયમથી દીપતો દેહ છે! અને વાણી...? વાણી તો નગાધિરાજ પરથી વહેતી ગંગાની જેમ 'છલ છલ કરતી વહી રહી છે! સૌ એમે સાંભળી પરમ પ્રસન્ન બન્યા છે.

આ વખતે સૂર્ય જેવા તેજસ્વી અને ચન્દ્ર જેવા સૌમ્ય શ્રી ગૌતમે માનવહૈયામાં ઘોળાતો પ્રશ્ન પૂછ્યો :

'પ્રભો! આત્મા શાથી ભારે બની અધોગતિને પામે છે? અને કયા પ્રકારે હળવો બની ઊર્ધ્વગતિને પામે છે?'

પ્રશ્ન ગંભીર હતો છતાં સમયોચિત હતો. સૌને જીવનના ભારથી હળવા બનવું હતું એટલે સૌની જિજ્ઞાસા વધી. વાતનો મર્મ જાણવા સૌ ઉત્સુક બન્યા.

ભગવાનનાં કરુણા નીતરતાં નયનો સભા પર ઠર્યાં. થોડીવારે એ બોલ્યા :

'ગૌતમ! તુંબડું તરવાની શક્તિવાળું છે, એ સૌ જાણે છે. એક માણસ એ તુંબડું લાવે. એ સારું હોય, સૂકું હોય, કાણા વિનાનું હોય. પછી એ તુંબડા પર ચીકણી માટીનો લેપ કરે, અને એને સુકાવે. સુકાયા પછી વળી લેપ કરે, વળી સુકાવે. આમ આઠ આઠવાર પટ આપે. પછી એને પાણીમાં નાખે, તો શું તરવાના સ્વભાવવાળું એ તુંબડું તરશે?

'ના, પ્રભો!' આખી સભા એક અવાજે બોલી.

પછી ભગવાન બોલ્યા :

"આ રીતે આઠવાર લેપ કરેલા તુંબડાને પાણીમાં નાખે તો એ તરવાની શક્તિવાળું તુંબડું પણ પાણીમાં તરતું નથી, બલકે ડૂબી જાય છે; તેમ આત્મા પણ હિંસા, અસત્ય, ચોરી, અસંયમ, ક્રોધ, માન, માયા ને લોભના કુસંસ્કારોથી લેપાયેલો ભારે થઈ જાય છે. તરવાની આપ આવડત છતાં, એ ડૂબે છે."

હૃદયને, બુદ્ધિને, સ્પર્શતો આ ઉપદેશ સાંભળી સભા ડોલી રહી. આગળ શ્રી વર્ધમાને કહ્યું :

'પણ ગૌતમ! એ તુંબડા પરના લેપનો પહેલો થર કોહવાય અને ઊખડી જાય તો એ થોડું અદ્ધર આવે, વળી એક થર ઓછો થતાં વધુ ઊંચે આવે, એમ કરતાં એ બધા થર ઊતરી જતાં, તુંબડું મૂળ સ્વભાવે હળવું થતાં, પાણીની સપાટી પર તરવા લાગે. તેજ રીતે આત્મા પણ અહિંસા, સત્ય, અચૌર્ય, સંયમ, અપરિગ્રહ, ક્ષમા, મૃદુતા, સરળતા ને નિર્લોભતાના આચરણથી કુસંસ્કારોને નિર્મૂળ કરી, આઠે કર્મોનો ક્ષય કરી હળવો બની ઊર્ધ્વગતિ પામે છે.'

શ્રી ગૌતમે ભગવાનના ઉપદેશનો સાર તારવતાં કહ્યું :

'એટલે, પ્રભો! કુસંસ્કારોથી આત્મા ભારે થઈને અધોગામી બને છે. સુસંસ્કારોથી આત્મા હળવો બની ઊર્ધ્વગામી બને છે!'

પ્રભુનાં દર્શન કરી પાછા ફરતા સભાજનોના મુખ પર કર્મનો મર્મ જાણ્યાનો પ્રકાશ હતો અને રાજગૃહના ઘરઘરમાં એની ચર્ચા હતી.

★

## વીતરાગનો માર્ગ

**આ** વાત સાંભળીને તો દેવોની આંખમાં પણ આંસુ આવ્યાં :

'એક સંસારી મરીને સ્વર્ગે ગયો, અને એક સાધુ મરીને નરકે ગયો!'

એક જિજ્ઞાસુએ આનું કારણ એક ચિન્તકને પૂછ્યું : 'આમ કેમ બન્યું? નીચે રહેલો ઉપર ગયો અને ઉપર રહેલો નીચે ગયો?'

ચિન્તકે કહ્યું : "સંસારી રાગમાં રહેવા છતાં ત્યાગીઓનો સંગ કરતો, જ્યારે સાધુ ત્યાગમાં રહેવા છતાં રાગીઓનો સંગ કરવા ઝંખતો; એટલે રાગી અંતરથી ત્યાગી થયો અને ત્યાગી અંતરથી રાગી થયો.

વીતરાગનો માર્ગ આ છે :

**રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ.**



# જાગૃતિનો જય હો

**વસન્તના** વાયરા ફૂંકાયા છે. કોયલ આંબાવાડિયાને ગજવી રહી છે. એક સંત આસોપાલવના વૃક્ષ નીચે ચિન્તનમાં ડૂબેલ છે. એમના જ્ઞાનની કીર્તિ ચારે દિશામાં પ્રસરેલી છે.

એમના દર્શને તે દેશના મહાન વિજયી મહારાજા આવ્યા, એમનું રાજ્ય વિશાળ છે. વૈભવ અપાર છે. એમના નામથી શત્રુઓ કંપી ઊઠે છે! એમણે આવી સંતને નમન કર્યું. પણ એમના નમનમાંય ગર્વનો પડછાયો તો હતો જ!

સંત એમના મનની વાત પામી ગયા. સંતે આશીર્વાદ આપી કહ્યું: 'રાજન! એક વાત પૂછું? તમે આટલું વિશાળ ને સમૃદ્ધ રાજ્ય તો મેળવ્યું, પણ કો'કવાર કોઈ નિર્જન રણમાં તમારા પ્રાણ તરસને લીધે ઊડી જવાની તૈયારીમાં હોય, ત્યાં કોઈ પાણીના એક પવાલાના બદલામાં તમારા રાજ્યનો અર્ધો ભાગ માગે તો તમે આપો ખરા?'

રાજાએ નમ્રતાથી ઉત્તર વાળ્યો: 'હા, એવા સંયોગોમાં અર્ધું રાજ્ય પણ આપું!'

સંતે આગળ ચલાવ્યું: 'અને એ પાણી પીધા પછી એવો કોઈ ભયંકર રોગ ઊપડે કે તમારો જીવ જવાની પળ આવે, તેવામાં કોઈ વૈદ્ય આવી તમને સ્વસ્થ કરવાના બદલામાં બાકીનું અર્ધું રાજ્ય માગે તો?'

રાજાએ ઉત્સાહમાં આવી કહ્યું: 'તો શું, પ્રભો! એ બાકીનું

અર્ધું રાજ્ય પણ આપી દઉં. જીવથી વધુ વહાલું શું છે!'

સંતે રાજાના અંતરમાં સોંસરી ઊતરી જાય એવી ગંભીર વાણીમાં કહ્યું: 'અરે, ભલા રાજા! ત્યારે પાણીના એક પવાલાના બદલામાં જે રાજ્ય આપી દેવું પડે, એવા સામાન્ય રાજ્યને મેળવવા ને સાચવવા માટે તેં તારા અમૂલ્ય જીવનને ધૂળ કર્યું! અને એનો અફસોસ કરવાને બદલે ઊલટો ગર્વ કરે છે!'

આ સચોટ દલીલથી રાજાની ઊંઘ ઊડી ગઈ! મનમાં જાગૃતિ આવતાં રાજાની આંખમાં નમ્રતાનાં નીર આવ્યા. એનું માથું નમ્રતાથી સંતચરણમાં ઢળ્યું, અને આમ્રના વૃક્ષ પર બેઠેલી કોયલ જાણે ટહૂકી રહી:

'આત્મજાગૃતિનો જય હો!'

★

## વિનિમય

**એક** ધૂર્ત, ઘીના ઘડામાં ઉપર ઘી અને નીચે પાણી ભરી, કો'કને ફસાવા જઈ રહ્યો હતો.

**બીજો** ધૂર્ત પિત્તળના કડા પર સોનાનો જરા ઢોળ ચડાવી વેચવા જઈ રહ્યો હતો.


માર્ગમાં બંને સામસામા મળ્યા. પહેલાએ કહ્યું 'ઘી લેવું છે?'

'હા, પણ તારે આ સોનાનું કડું લેવું છે!' ધૂર્તે પૂછ્યું.

'ચાલો આપણે વિનિમય કરીએ. તમે આ ઘડો લઈ જાઓ. હું કડું લઈ જાઉં.'

એક સમજ્યો મેં છેતર્યો. બીજો સમજ્યો મેં બનાવ્યો

જગતમાં પણ આમ જ આપ-લે ચાલે છે ને?



# વિજયધ્વજ

**વારાણસીની** વિદ્વત્સભા એ દિવસે ધ્રૂજી ઊઠી. અનેક સભાઓને જીતી, એક દિગ્વિજયી પંડિત એ દિવસે વારાણસીના વિદ્વાનો સાથે જ્ઞાનચર્ચા કરવા આવવાનો હતો. પાંચસો તો તેની આગળ વિજયધ્વજ હતા.

એ આવ્યો. સભા ભરાઈ. ઘણા દિવસો સુધી શબ્દરૂપી મેઘમાળાની ઝડી વરસી અને કાર્તિકની પૂર્ણિમાના દિવસે એણે સભાનો જય કર્યો. વિદ્વત્સભાના સઘળા પંડિતો શરમથી મસ્તક નમાવી રહ્યા.

વિજયી પંડિતે સિંહગર્જના કરી: 'હજુ કોઈ છે બાકી? હારું તો આ પાંચસો વિજયધ્વજો મૂકી એના ચરણોમાં પડું.'

એક યુવાને આ ઘોષણા ઝીલી લીધી. સૌની દૃષ્ટિ એ તેજસ્વી મૂર્તિ ભણી ખેંચાઈ. તુષારધવલા માતા સરસ્વતી એના પર આશીર્વાદ વર્ષાવી રહ્યાં હોય એવાં તેજ એની મુદ્રા પરથી વેરાતાં હતાં.

તે યુવાનના મુખમાંથી જ્ઞાનના તેજથી ઝળઝળતી અકાટ્ય દલીલો પ્રગટવા લાગી. અગાધ તર્કબળથી એણે એ દિગ્વિજયી વિદ્વાન પર વિજય મેળવ્યો; અને ત્યારે જ સૌને ખબર પડી કે, આ તો ગુજરાતમાંથી અભ્યાસ કરવા આવેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી છે.

મહાસભાએ પ્રસન્ન થઈને એમને ન્યાયવિશારદનું બિરુદ આપ્યું. આ વિજય મેળવીને એ ગૂર્જરભૂમિમાં પધાર્યા, પણ એમનું મસ્તક ગર્વથી ઉન્નત હતું, વિદ્યાના ગૌરવની સાથે વિદ્વતાનો ગર્વ એમના ઓષ્ઠને ધનુષ્યની જેમ ખેંચાયેલા રાખતો હતો. પાંચસો પાંચસો વિજયધ્વજો એમની આગળ હતા, અને વાહવાહ કરનારું પંડિત મંડળ એમની આસપાસ ચાલતા ભામંડલની જેમ એમની પ્રતિભા પ્રસારી રહ્યું હતું.

આ સમાચાર મહાયોગી શ્રી આનંદઘનજીને મળતાં એમના નયનોમાં આનંદ ને વેદનાનાં આંસુ ઊભરાયાં! અરે, જ્ઞાનનો ગર્વ સાધુને ન શોભે! નમ્રતા એની જીવનસંગિની હોય!

એક નમતી સાંજે ઉપાધ્યાયજીને એ મળ્યા, અને જ્ઞાનગોષ્ઠિ કર્યા પછી ઠાવકું મોં રાખીને સ્મિતપૂર્વક યોગીરાજે પૂછ્યું :

'ઉપાધ્યાયજી! કેવળજ્ઞાનીનું અને ચૌદ પૂર્વધરનું જ્ઞાન આપણા જ્ઞાન કરતાં વધારે કે ઓછું?'

સાશ્ચર્ય ઉપાધ્યાયે કહ્યું : 'શું બોલો છો યોગીરાજ! એ તો જ્ઞાનનો સિન્ધુ કહેવાય. આપણું જ્ઞાન તો એની આગળ માત્ર એક બિન્દુ!'

યોગીરાજે મધુર સ્મિત કર્યું : 'હા, તો એમની આગળ વિજયધ્વજની લાખ લાખ હારમાળા ચાલતી હશે, ખરું ને?'

આ સાંભળી ઉપાધ્યાયજીનો આત્મા યોગીને ચરણે નમી રહ્યો અને ગર્વનાં પાણી નેત્રોદ્વારા ઝરી ગયાં.

ત્યાં દિવ્ય ધ્વનિ થયો : सा विद्या या विमुक्तये–વિદ્યા તે કે જે વાસનામાંથી મુક્તિ અપાવે. ગર્વમાંથી નમ્ર બનાવે.



# વાણીનો વિવેક

**એ**ક નગરપતિને દુઃસ્વપ્ન આવ્યું કે એના દાંતની આખી બત્રીસી તૂટી પડી. આ સ્વપ્નથી નગરપતિ ઝબકી જાગ્યો. યુવાનવયમાં દાંતની બત્રીસી પડી જાય, પછી તો થઈ રહ્યું ના! મુખકમળની શોભા કુસુમકળી જેવા દાંત. એ દાંત પડી જાય પછી મુખની શોભા શી? બહાર મોં કઈ રીતે બતાવાય?

નગરપતિએ પ્રભાતે જોશીઓની એક સભા બોલાવી. તેઓને પૂછ્યું: 'મને આવું સ્વપ્ન આવ્યું છે. એ સ્વપ્નનો ફલાદેશ કહો.'

સભામાં બે સમર્થ, ભૂતભાવિને ભાખનારા, જોશી હતા.

એક સ્વપ્નવેત્તાએ કહ્યું: 'આપનું સ્વપ્ન ઘણું જ ભયંકર છે.'

આ વાક્ય સાંભળતાં સભામાં ભય છવાઈ ગયો.

એણે આગળ ચલાવ્યું: 'આપની બત્રીસી પડી ગઈ, એનો અર્થ એ જ કે આપનું આખું કુટુમ્બ મરણને શરણ થશે. આપ જોયા જ કરશો અને એક પછી એક સૌ સગાંવહાલાં મૃત્યુ પામશે.' જોશીએ સ્પષ્ટ કહી નાંખ્યું. સભામાં સ્તબ્ધતા સાથે શોક છવાઈ ગયો.

સ્વપ્ન અને વાણીના વિવેકના વેત્તા બીજા જોશીએ કહ્યું:

'પ્રભો ! હું આનો ફલાદેશ વિચાર કરી, આવતી કાલે પ્રભાતે કહીશ.'

નગરપતિ બીજા દિવસની પ્રતીક્ષા અનિમેષ નયને કરી રહ્યો. એના હૈયા પર શોકનો ભાર હતો. મુખ પર ચિન્તા હતી. બીજા દિવસે વિદ્વાનોની સભા ભળી. સૌ એ વિદ્વાનના શબ્દો ઝીલવા ઉત્સુક બન્યા હતા.

વાણી–વિવેકના વેત્તાએ ગંભીરતાપૂર્વક કહ્યું : 'આપ ધારો છો એટલું આ સ્વપ્ન ભયંકર નથી. આ સ્વપ્ન તો આપના દીર્ઘાયુષ્યનું સૂચક છે. આપનું આયુષ્ય એટલું તો દીર્ઘ છે કે આપના કુટુમ્બ-માંથી કોઈને ય આપનું મૃત્યુ જોવાનો પ્રસંગ નહિ આવે. પ્રભો ! આપનું આયુષ્ય ઘણું જ દીર્ઘ છે, એટલો જ આ સ્વપ્નનો ફલાદેશ છે.'

ફલાદેશ સાંભળી, પ્રસન્ન થયેલો નગરપતિ જ્યારે વિદ્વાનને પુરસ્કાર આપી રહ્યો હતો, ત્યારે વિદ્વાનોના મનમાં વાણીના મહિમાનું મન્થન ચાલી રહ્યું હતું : ફલાદેશ એક જ, પણ વાત મૂકવા મૂકવામાં કેટલું અન્તર ?

માણસની વાણીમાં કેવો જાદુ ભરેલો છે ! એ અમૃતને ઝેર બનાવી શકે. ઝેરને અમૃત બનાવી શકે. એ આનન્દમાં શોકની હવા ઊભી કરી શકે. શોકમાં આનન્દની હવા સર્જી શકે. માણસ આ પોતાની જાદુઈ શક્તિ સમજી જાય તો સંસાર કેવો સુમધુર બની જાય.!



## શ્રદ્ધા—સાચું બળ

**શ્રદ્ધા** એ અપૂર્વ બળ છે. શ્રદ્ધાળુ હૈયાને વિપત્તિના ઘનઘોર અંધકારમાં પણ આશાનો પ્રકાશ મળતો હોય છે. નિઃસીમ શ્રદ્ધાને આ વિશ્વનું કોઈ પણ કાર્ય અસાધ્ય નથી.

ગુર્જરેશ્વર કુમારપાળને એકદા અનિવાર્ય રીતે સમરાંગણમાં ઊતરવું પડ્યું. કારણ એ હતું કે, શાકંભરીના પૂરણરાયે ગુજરાતની સુકુમાર સંસ્કૃતિનું ભયંકર અપમાન કર્યું હતું. ગુર્જરેશ્વરને મન આ ધર્મયુદ્ધ હતું. પોતાના ધર્મ ને સંસ્કૃતિના અપમાનનો આ પ્રતિકાર હતો. આમાં હારે તો ગુજરાતની અસ્મિતા હણાય, એટલે અપૂર્વ જુસ્સા ને ઝનૂનથી એ લડી રહ્યા હતા.

તલવારો વીંઝાણી, ભાલાઓ ચમક્યા, માથાં રાહુની જેમ ઊડવા લાગ્યાં અને પાણીને સ્થાને શોણિતની સરિતા વહેવા લાગી.

સામા પક્ષને તરત ખબર પડી ગઈ કે, ઘોડાઓને પાણી ગળીને પાનાર ને પૂંજણીથી પૂજનાર આ રાજાનું પરાક્રમ કોઈ અજબ છે! સામા પક્ષે ભેદનીતી આદરી. કુમારપાળના સૈન્યને ફોડી નાખ્યું. સૌ ખૂટલ બન્યા. સૈન્ય ધીમે ધીમે પીછેહઠ કરવા લાગ્યું.

એટલામાં સંધ્યાનો સમય થયો. સાંજે આવશ્યક ક્રિયા કર્યા વિના આ રાજર્ષિ કેમ રહી શકે? એમણે મહાવત સામું જોયું.

રાજાના ધર્મપ્રેમને જાણનાર વૃદ્ધ મહાવતનાં નયનમાં નીર આવ્યાં :


'પ્રભો! અત્યારે ઘણા ખૂટલ થયા છે. જીવસટોસટની આ ઘડી છે. કોણ ક્યાંથી ઘા કરશે એ કહેવાય તેમ નથી. ધર્મ કર્મ રાજમહેલમાં હોય, સમરાંગણમાં તો યુદ્ધ!'

ગુર્જરેશ્વરનાં નયનોમાં શ્રદ્ધાનો દીપ જલી રહ્યો હતો : એમણે કહ્યું : 'મહાવત! આ તો ધર્મ–યુદ્ધ છે. નાનાં જંતુનું રક્ષણ કરનાર મેં, માણસ સામે તલવાર ઉપાડી છે. કારણ એટલું જ કે અપરાધીને શિક્ષા કરવી એ ક્ષત્રિયનો ધર્મ છે! ભય પામીને ધર્મને મૂકે તે કાયર! સાચો ક્ષત્રિય કાયર કેમ હોઈ શકે? હાર–જીત તો જીવનનાં બે પાસાં છે. મને એનો ભય નથી. હું તો આવશ્યક કરીશ જ.'

હાથીની અંબાડી પર એમણે સાંધ્ય પ્રાર્થના શાન્ત ચિત્તે કરી, અને પુનઃ ભાલું સંભાળ્યું. આહ! પછી તો શું એમનામાં બળ આવ્યું છે! મહાચક્રની જેમ ઘુમતા ભાલાને સૌ જોઈ જ રહ્યા. એમની શ્રદ્ધાએ સૈન્યમાં શ્રદ્ધા આણી. ખૂટલ થઈ પાપના માર્ગે જતા સૈનિકોના હૈયામાં કર્તવ્યધર્મની રેખા પ્રગટી.

બીજી પળે ગુર્જરેશ્વર કુમારપાળનું ભાલું પૂરણરાયની છાતી પર મંડાણું. ભૂમિ પર અશરણ બની ઢળેલા પૂરણરાયે ગુર્જરેશ્વરની શરણાગતિ સ્વીકારી. વિજયી ગુર્જરેશ્વરે એને અભયદાન આપી મુક્ત કર્યો!

જનતા બોલી ઊઠી : 'વાહ રે વાહ! સત્તા ને સંપત્તિ માટે લડતા લડવૈયા તો અમે ઘણા ય જોયા. પણ સંસ્કૃતિ માટે ધર્મ–યુદ્ધ કરતા ગુર્જરેશ્વર કુમારપાળ, તેં તો હદ કરી! ધન્ય હો તારા શ્રદ્ધાભર્યા સિંહ હૈયાને!'



# જેણે છોડયું, તેને કોઇ ન છેડે!

ત્યાગ અને ભોગની તેજછાયાથી બનેલા આ જગતનો વિચાર કરતા ને ઊઘડતા પ્રભાતનાં કિરણોમાં સ્નાન કરતા મહામુનિ રાજગૃહની શેરીઓમાંથી પસાર થઈ રહ્યા હતા.

એમની નજરે એક દૃશ્ય પડ્યું, અને એ થંભી ગયા : એક કૂતરું મોંમાં હાડકું લઈ પૂર ઝડપથી દોડી રહ્યું હતું. અને દશેક કૂતરાંએ તેનો પીછો પકડ્યો હતો.

એના જ જાતિભાઈ, એને ન પહોંચે તો થઈ રહ્યું ના? થોડે જ આઘે જતાં એના પર બધાંય કૂતરાં ત્રાટકી પડ્યાં. કોઈએ એના બરડામાં બચકું ભર્યું, કોઈએ એનો પગ ઝાલ્યો, કોઈએ એને ધૂળ ભેગું કર્યું. એ રીતે જોતજોતામાં તેને લોહી-લુહાણ કરી મૂક્યું.

અંતે એ શ્વાન થાક્યું. પોતાનો જીવ બચાવવા એણે એ હાડકાને પડતું મૂક્યું. તે જ ક્ષણે સૌએ એને છોડી દીધું. દશમાંના એકે એ હાડકું ઊચકી લીધું.

યોગીરાજ તો આશ્ચર્યભેર જોઈ જ રહ્યા હતા.

હવે પેલાં નવ, આ એમના જ સાથી પર ત્રાટક્યાં અને

પહેલા શ્વાનની જેમ એને પણ ધૂળ ભેગું કર્યું. આ બીજા કૂતરાએ પણ પહેલાની જેમ પોતાનો જીવ બચાવવા હાડકું છોડી દીધું.

હાડકું ત્રીજાએ ઝડપ્યું અને પેલાં આઠેય કૂતરાંએ આ ત્રીજા પર હુમલો કર્યો. પેલાં લોહીભીનાં બે કૂતરા પૂંછડી દાબી, એક ખૂણામાં ઊભાં ઊભાં ભસી રહ્યાં હતાં. હવે એમને ભય નહોતો, કારણ કે લડાયક કૂતરાંઓની નજર પેલા હાડકા પર જ હતી. અને જેની પાસે તે હાડકું હોય તેના પર એ ધસતાં હતાં અને તેને લોહીભીનું કરતાં હતાં.

મુનિ વિચારી રહ્યા હતા કે જે ગ્રહણ કરે તે દુઃખી થાય છે, જે છોડે છે તે સુખી થાય છે. પરિગ્રહમાં બંધન છે. ત્યાગમાં મુક્તિ છે.

આ રસહીન અને શુષ્ક હાડકું પકડનારને પણ આટલું લોહી આપવું પડ્યું, તો રસભર વસ્તુમાં આસક્ત રહેનારને કેટલું લોહી આપવું પડશે?

જેણે છોડ્યું તેને કોઈ છેડતું નથી.
જે પકડે છે, તેની પાછળ સૌ પડે છે.

★

**ટ્યુલેરીસ** મહેલના સ્નાનાગારની મરામત નેપોલિયને કરાવી. ખંડ તૈયાર થતાં મહેલના અધિકારીઓએ ફ્રાન્સના શ્રેષ્ઠ ચિત્રકારો પાસે ત્યાં સુંદર ચિત્રો દોરાવ્યાં. સ્નાનગૃહ પૂર્ણ થતાં નેપોલિયન સ્નાન કરવા ગયો. ત્યાં એની નજર દીવાલ પર રહેલાં સ્ત્રીનાં ચિત્રો પર પડી. એ સ્નાન કર્યા વિના જ પાછો વળ્યો. અને અધિકારીઓને હુકમ કર્યો, ‘નારી સન્માન જાળવો. સ્નાનગૃહ પાસે સ્ત્રીઓના ચિત્રો દોરી નારીનું અપમાન ન કરો. જે દેશમાં નારી આમ વિલાસનું સાધન ગણવામાં આવે છે તે દેશનો વિનાશ થાય છે.’

એ ચિત્રોને કઢાવ્યા પછી જ એ સ્નાનગૃહમાં ગયો.



# જ્વાળા અને જળ

**ક્ષિતિમોહનબાબુનાં** પત્ની અગ્નિની જ્વાળા જેવાં ક્રોધી હતાં, તો બાબુ શરદની પૂર્ણિમા જેવા શાંત હતા. એક દિવસ નમતી સાંજે, જમવાની વેળા વીતી ગયા પછી, બાબુ ઘેર આવ્યા. એમની પ્રતીક્ષા કરી, કંટાળી ગયેલી એમની પત્નીએ આંખ લાલ કરી કહ્યું :


'તમને તો સેવાનું ઘેલું લાગ્યું છે. રસોઈ ટાઢી થઈ જાય છે ને જમવાની વેળા વીતી જાય છે, એનું ય તમને ભાન નથી. લો, આ ટાઢું છે તે જમી લો.' એમ કહી એણે, ટાઢા ભાતની થાળી પીરસી.

બાબુએ લાક્ષણિક સ્મિત કરી, એ થાળી પત્નીના માથા પર મૂકતાં કહ્યું 'કંઈ નહિ, ભાત ઠંડા હોય તો ય તારા માથામાં અગ્નિ ધખધખે છે, એટલે વાંધો નથી. તારા માથાની ગરમીથી આખું ઘર અને તારી આંખો ગરમ ગરમ થઈ ગઈ, તો આ ભાત ગરમ નહિ થાય?'

આ કટાક્ષભર્યા વિનોદથી એમનાં પત્ની શરમથી હસી પડ્યાં. પોતાના પતિના આવા પ્રેમાળ, શાંત ને વાત્સલ્યભર્યા રમૂજી સ્વભાવ પર મુગ્ધ થઈ, જીવનભર ક્રોધ ન કરવાની એ જ પળે એણે પ્રતિજ્ઞા લીધી.

ક્રોધને ક્ષમાથી જીતો! उवसमेण हणे कोहं!

ક્રોધ એ જો અગ્નિની જ્વાળા છે, તો ક્ષમા એ જળનો ફુવારો છે. જળ હોય ત્યાં અગ્નિ કેમ પ્રગટે? અને કદાચ કિનારા પર પ્રગટે તો ય એને બુઝાતાં વાર શી લાગે?



# માન ગળે તો જ્ઞાન મળે!

**બાહુબલી** સમરાંગણમાં સંયમી તો થયા, પણ એમના હૈયામાં રહેલી માનની ગોળી નહોતી ગળી. એમના મનમાં એમ કે કેવળજ્ઞાન થયા પછી ભગવાન ઋષભદેવ પાસે જઈશું તો સંયમમાં મોટા પણ ઉંમરમાં નાનાં મારા ભાઈઓને મારે નમવું નહિ પડે.

એટલે કેવળજ્ઞાન મેળવવા એમણે તપ આદર્યો. કેવો આકરો તપ! એમની કાયા પર વેલડિયો વીંટાઈ, એમના કાનમાં ચકલાંએ માળા નાખ્યા, તોય એમને જોઈતી વસ્તુ ન લાધી. એમની કાયાએ તાપના, ટાઢના, વર્ષાનાં દુખડાં વેઠયાં, પણ કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું. કારણ કે અભિમાનની ગોળી નહોતી ગળી.

ભગવાન ઋષભદેવે કરુણા આણી, બાહુબલીની બે સાધ્વી બહેનોને બોધ આપવા મોકલી. બહેનોએ કહ્યું, 'બાંધવા! હાથી ઉપરથી નીચે ઊતરો, માનના શિખર પર બેઠેલાના હૈયામાં જ્ઞાનની જ્યોત પ્રગટતી નથી. ત્યાં ગર્વના વાયુ વાય છે. જ્ઞાનદીપ બુઝાઈ જાય છે, માટે વીરા! નીચે ઊતરો. જ્ઞાનના સૂર્યની આડે અભિમાનનો પડદો આવે છે ત્યારે માણસ છતી આંખે અંધ થાય છે.'

શાણા બાહુબળી ચમક્યા, ચેત્યા. એમનો આત્મા નાના બાંધવોને વંદન કરવા તૈયાર થયો. અંતરમાં લઘુતા આવી. માત્ર એક જ ડગ ભર્યું ત્યાં કેવળજ્ઞાનના પ્રકાશથી એમનો આત્મા પ્રકાશી ઊઠ્યો.

વાહ! માન ગળે તો જ્ઞાન મળે.



# સંસારની શેરડી

**સં**સારનું કલહમય જીવન જોઈ, જીવનદાતા સૂર્યદેવ નિરાશ થઈ અસ્તાચળ તરફ સરકી રહ્યા હતા. એમની નજરે પ્રેમનો એક સોહામણો પ્રસંગ પડ્યો, અને સૂર્યદેવનો ગ્લાનિભર્યો ચહેરો હર્ષથી નાચી ઊઠ્યો!

ભક્ત કવિ તુકારામ શેરડીના દશ સાંઠા લઈ ઊભી બજારે ચાલ્યા જાય છે. એમની આંખમાં બાળક જેવી નિર્દોષતા છે, મુખ પર ગુલાબ જેવું મૃદુ ને મુક્ત હાસ્ય છે. એમને જોઈ બાળકો ઘેલાં થાય છે. નિર્દોષ બાળકોને જોઈ પોતે ઘેલા થાય છે.

બાળકોએ હાથ ધર્યા એટલે સૌને એક એક સાંઠો આપી, માત્ર એક સાંઠો લઈ એમણે ઘરના આંગણામાં પગ મૂક્યો,

આંગણામાં ઊભેલી એમની ક્રોધમુખી પત્ની આ દૃશ્ય જોઈ સળગી ઊઠી. એ મનમાં બબડી: 'આની દાનવીરતા તો જુઓ! ઘરમાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો.'

ત્યાં તુકારામે સાંઠો એના હાથમાં મૂક્યો. પત્નીએ શેરડીનો તિરસ્કાર કરી કહ્યું; 'ફેંકો આને ઉકરડે! ફુલણજી થઈ બધા ય સાંઠા છોકરાઓને વહેંચ્યા, તેમ આને ય આપી દેવો હતો ને? આને અહીં શું કરવા લાવ્યા!' એમ કહી ક્રોધના આવેશમાં ભાન ભૂલેલી એણે સાંઠો પતિના બરડામાં ફટકાર્યો!

ચોટ તો એવી લાગી કે સાંઠાના બે કકડા થઈ ગયા. છતાં મીઠું હાસ્ય કરી તુકારામે કહ્યું : 'જાણતો જ હતો કે મને મૂકીને તું એકલી તો નહિ જ ખાય. તું તો અર્ધાંગના કહેવાય ને! મને અર્ધો ભાગ આપ્યા વિના તું ખાય ખરી? અર્ધાંગનાનો ધર્મ તેં બરાબર પાળ્યો છે!' એમ કહી એક ટુકડો મોંમાં મૂકી એ બાળકની જેમ રસ ચૂસવા લાગ્યા.

આ જોઈ એમનાં પત્નીની આંખમાં આંસુ આવી ગયાં. શ્રી મહાવીર પ્રભુએ ઠીક જ કહ્યું છે : તિરસ્કારને પ્રેમથી જીતો.

લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી નહિ, પણ પાણીથી શુદ્ધ થાય, તેમ તિરસ્કારનો પ્રતિકાર ક્રોધથી નહિ, પણ પ્રેમથી થાય. તલવાર સામે ઢાલ, અગ્નિ સામે પાણી, તેમ તિરસ્કાર સામે પ્રેમ!

★

## ભ૦ વર્ધમાનનાં વચનો

वोच्छिन्द सिणेहमप्पाणो
कुमुयं सारहयं व पाणियं
से सव्वसिणेहवज्जिए
समयं गोयम । मा पमाये ॥

શરદ ઋતુનું કુમુદ જેમ કીચડને ત્યજી પાણીની ઉપર આવે છે, તેમ તારા મન પર ચોંટેલા મોહને છોડીને તું અદ્ધર આવ. હે ગૌતમ! એક પળનો પ્રમાદ મા કર!



# હાથે કરીને હેરાન

**શ્રાવણની** મેઘલી રાત હતી. ભરી ભરી વાદળીઓ વરસી રહી હતી. રાજગૃહની શેરીઓમાં તો જાણે સરિતાઓ ફરવા નીકળી હતી. વર્ષાની આ રંગલીલા નિહાળતા મગધપતિ બિંબિસાર ને મહારાણી ચેલણા મહેલનાં ઝરૂખામાં બેઠાં હતાં.

ચારે બાજુ અંધકાર જામ્યો હતો. માણસના કાળજાને કંપાવી નાંખે એવી ગર્જનાઓ થઈ રહી હતી. ક્યાંય કંઈ દેખાતું ન હતું. નગરને અંધકાર ગળી ગયો હતો, માત્ર વીજળી ઝબકતી ત્યારે જ દુનિયાના અસ્તિત્વનો ખ્યાલ આવતો.

કડાકા સાથે એક વીજળી ઝબૂકી અને એના પ્રકાશમાં થોડે દૂર, ઘૂંટણ સુધીના પાણીમાંથી લાકડાં ખેંચતા એક વૃદ્ધને રાણી ચેલણાએ જોયો. એ ચમકી. આવા ટાણે મજૂરી !

'મહારાજ ! જોયું ને આપણું કલ્યાણરાજ ? એક બાજુ વૈભવની છોળો ઊછળી રહી છે, જ્યારે બીજી બાજુ પેટ માટે—માત્ર પેટ ભરવા માટે—આવા વરસાદમાં માણસને કાળી મજૂરી કરવી પડે છે! આ તે કલ્યાણરાજ્ય કે કાળરાજ્ય !

મગધરાજ આમાં કંઈ ન સમજ્યા. એમણે કંઈ જ જોયું

નહોતું : 'રાણી! તમે શું કહો છો? અત્યારે કેવો માણસ અને કેવી મજૂરી?'

ત્યાં તો ફરી વીજળી ચમકી. બંનેની નજરે ઢીંચણ સુધીના પાણીમાં શ્રમ કરતો વૃદ્ધ નજરે પડ્યો. મગધરાજ વાત સમજી ગયા. આજ્ઞા કરી : 'રે, કોઈ છે હાજર!

દ્વારપાળે આવી નમન કર્યું.

'જાઓ, નદીકિનારા પર રહેલા પેલા માણસને બોલાવી લાવો. દૂર આંગળી ચીંધતાં રાજા બિંબિસારે કહ્યું.

થોડીવારમાં દ્વારપાળ સાથે એક માણસ આવતો દેખાયો. કછોટો મારેલા, જીર્ણ શરીરવાળા, લજ્જા ઢાંકવા માત્ર લંગોટી પહેરેલા, આશાથી ઊંડી ઊતરેલી આંખવાળા આ વૃદ્ધ પર પ્રાસાદની સુવર્ણદીપિકાઓનો પ્રકાશ પડી રહ્યો હતો. રાજા શ્રેણિકે પૂછ્યું : 'આયુષ્યમાન! તું કોણ છો? શું તારા ઉદર પૂરતું અન્ન પણ તારે ઘેર નથી કે આમ અકાળે શ્રમ કરવા નીકળ્યો છે?'

વૃધ્ધે સભ્યતાથી નમન કરતાં કહ્યું : "હું...? હું તો અકિંચન મમ્મણ છું. મારે ઘેર અન્ન તો પૂરતું છે, એ ઉપરાંત બે સુંદર વૃષભ છે, એનાં સાડાત્રણ શૃંગ તો તૈયાર થઈ ગયાં છે. અર્ધો ભાગ જે બાકી છે, તેની પૂર્તિ માટે નદીમાં તણાઈને આવતાં ચંદનનાં કાષ્ટને બહાર કાઢવા માટે અત્યારે શ્રમ કરી રહ્યો છું. દિવસે કોઈ જાણે તો એ તાણી જાય એટલે આ અ-કાલ એ મારા માટે સુ-કાલ છે.'

રાજાને વિચાર આવ્યો, વૃષભનાં શૃંગ? એ વળી શું? એ કંઈ ન સમજ્યા. રાત ઘણી વીતી ગઈ હતી. વાત ટૂંકી કરતાં રાજા બિંબિસારે કહ્યું :

'પ્રભાતે તમારી વાત સમજીને શિંગડાની વ્યવસ્થા રાજ્યભંડાર તરફથી કરવામાં આવશે. જાઓ, અત્યારે સુખે નિદ્રા કરો.'

મમ્મણને બિંબિસારના પોતાના વિષેના અજ્ઞાન પર હસવું આવ્યું, અને સુખેનિદ્રા શબ્દ એને આશ્ચર્યભર્યો લાગ્યો. ધનની ચિંતામાં એણે સુખનિદ્રા જોઈજ ક્યારે હતી કે આજ એને સુખનિદ્રા આવે?

મમ્મણ નમન કરી ચાલ્યો ગયો. પ્રભાતે મમ્મણ શેઠ મગધરાજને પોતાને ત્યાં નિમંત્રી લાવ્યો. એક પછી એક ભોંયરાં વટાવતો અંદરના ભૂગર્ભમાં એમને લઈ ગયો. ત્યાં એણે બે સુવર્ણના વૃષભ પડદા પાછળ રાખ્યા હતા. એ પડદો ઊંચકતાં મમ્મણે કહ્યું :

'આ વૃષભોના ત્રણ શિંગડાં તો રત્નથી મઢી દીધાં છે. ચોથા શૃંગનો થોડો ભાગજ રત્નથી જડવાનો બાકી રહ્યો છે. એ થાય એટલે એક કાર્ય તો પૂરું થયું કહેવાય!'

મગધરાજ બિંબિસાર તો આશ્ચર્યમાં ડૂબ્યા હતા. શુદ્ધ કાંચનના બે ભવ્ય વૃષભો એ શ્વેત વસ્ત્રની નીચેથી પ્રગટ્યા હતા. જાણે બલિષ્ઠ હાથીબાળ જોઈ લો. આંખને ઠેકાણે મૂલ્યવાન રત્નો મૂક્યાં હતાં અને એનાં શૃંગ તો રત્નખચિત સુવર્ણનાં હતાં., જેના પ્રકાશથી ભૂગર્ભનો ભાગ પ્રકાશમાં નાહી રહ્યો હતો.

બિંબિસાર પોતે જુએ છે, એ સાચું છે કે પોતે નથી જોતા તે સાચું છે, એ ભ્રમમાં પડી ગયા.

પોતાના રાજ્યભંડારમાં પણ ન મળે એવાં રત્નોનો આ સ્વામી અને છતાં આવી અંધારી મેઘલી રાતમાં ચંદનકાષ્ઠ ખેંચવાની કાળી મજૂરી!

ત્યારે રાજા શ્રેણિકને કરુણાસાગર ભગવાન વર્ધમાનનાં જ્ઞાનવચનો સાંભરી આવ્યાં. इच्छाओ आगासं श्रेणिक! ઇચ્છાઓ ને તૃષ્ણાઓ આકાશની જેમ અનંત છે. એનો અંત આવતો જ નથી. સંતોષના શસ્ત્રથી તૃષ્ણાને છેદો, નહિ તો તૃષ્ણા માણસને છેદી નાખશે!



# સંતનું નામ

**સાતહથ્થા** વાઘ જેમના પડોશી છે એવા ભીલોની વસ્તીવાળા પ્રદેશમાં થઈ, અમારે માળવામાં જવાનું હતું. અમે સાત પ્રવાસીઓ હતા. અમારો કપરો પ્રવાસ દાહોદથી શરૂ થવાનો હતો.

દાહોદ સુધી તો વિહારમાં કોઈ મુશ્કેલી નહોતી નડી, પણ અહીંથી તો માર્ગ અતિ વિકટ હતો. દાહોદથી પહાડ અને જંગલ ભેદી રસ્તો વાંકોચૂંકો, માળવામાં જાય છે.

માર્ગમાં ઘણી ખરી ભીલોની જ વસ્તી છે. જેની પાસે જમીન છે તે ખેતી પર નભે છે. જેને મજૂરી મળે છે તે મજૂરી કરી ખાય છે; પણ જેને આ એમાંથી એકેય નથી મળતું તે ચોરી, લૂંટ અને શિકાર પર જીવે છે.

વિદાય વખતે દાહોદના કેટલાક ભાઈઓએ અમને કહ્યું, 'મહારાજશ્રી! આપ આ રસ્તે પ્રયાણ તો કરો છો, પણ આ રસ્તો જેમ વિકટ છે તેમ કાંઈક ભયભરેલો પણ ખરો. માર્ગમાં ઊજળિયાત કોમનાં ઘર નથી; છે કેવળ ભીલોની વસ્તી. આ સરહદના કેટલાક ભીલો તો ચોરી અને લૂંટ પર જ જીવે છે. એમની ક્રૂરતા પણ જબરી છે! એ ચાર રૂપિયા માટે માણસ જેવા માણસને મારી

નાંખતાં વિચાર ન કરે એવા એ ક્રૂર છે! માટે વોળાવિયા સાથે લીધા હોય તો ઠીક!'

'અમે તો સાધુભાઈ! એમ પારકું રક્ષણ અમને ન ખપે.' એમની વાત સાંભળ્યા વિના જ અમે તો ચાલી નીકળ્યા.

રસ્તાની બંને બાજુ ઊંચાં ઊંચાં વૃક્ષો ડોલે. વૃક્ષોની ઘટામાં સ્વતંત્ર પંખીઓનાં મુક્ત ગાન ગુંજે. પર્વતમાંથી ઝરતાં ઝરણાંનો ઝરમર મીઠો ધ્વનિ સંભળાય. પ્રભાતનાં કિરણો ઝાડનાં પાંદડાં વીંધી અમારાં શરીર પર આવી સંતાકૂકડી રમે, અને મોટી મોટી આંખોવાળાં દોડતાં હરણનાં ટોળાં અમારી સામે જુએ અને પાછાં લાંબી લાંબી ફાળ ભરી પવન વેગે દોડવા માંડે.

આવાં મોહક દૃશ્યો જોતાં મારું હૈયું આનંદના ઝૂલે ઝૂલવા લાગ્યું. પ્રકૃતિ માતાના હાથના આનંદના આ મસ્ત જામના પાનથી મારું મન તો એવું મસ્ત થઈ ગયું કે પંદર માઈલનો પંથ કઈ રીતે કપાઈ ગયો, એનીયે ખબર ન પડી. મારા સાથીઓને જોતાં મને ખ્યાલ આવ્યો કે હું મુકામ પાસે આવી પહોંચ્યો છું.

અમારો મુકામ એક વિશાળ વડ નીચે હતો, ત્યાં સામાન ગોઠવી આસન જમાવ્યું. સાથે આવનાર ભાઈઓએ ભોજનની સગવડ કરી હતી.

ગોચરી (ભોજન) પતાવી બપોરે જરા આરામ કર્યો...આડું પડખું કરતાં જ નિદ્રાદેવીએ ચઢાઈ કરી! આરામની કિંમત તો શ્રમિતને જ સમજાય ના!

આરામ લઈ ઊઠચો, ત્યાં આઠ દશ ભીલ યુવાનો દેખાયા. ભાથામાં તીર, અને ખભે કામઠું નાખેલાં યુવાનોને જોતાં જ દાહોદની સરહદ પર પેલા ભાઈઓએ કહેલી વાતનું ભૂત મારી નજર આગળ ઊભું થયું. ચંચળ મને એક પ્રશ્ન ઊભો કર્યો :

'અરે, બેચાર રૂપિયાની વસ્તુ માટે પણ ખૂનની સરહદ સુધી પહોંચી જનારા આ જંગલી યુવાનો, તોફાન તો નહિ કરે ને?'

ત્યાં તો શ્રદ્ધા બોલી ઊઠી : 'મૂર્ખ ! એની ક્રૂરતા કરતાં તારો પ્રેમ મહાન છે કે નહિ ? ક્યાં ગયું તારું પ્રેમનું સામ્રાજ્ય ? કે પછી વાતોમાં જ ? ભોળા મન ! આ બધા તો પ્રેમના સામ્રાજ્યના વફાદાર નોકરો છે. જેને પ્રેમની ભાષા આવડે છે, તે તો સિંહને પણ મિત્ર બનાવી શકે, તો શું આ માણસો તારા મિત્રો નહિ બને ? નાનો કીડો પથ્થરમાં ઘર કરી શકે તો માણસ માણસના દિલમાં ઘર ન કરે ?'

શ્રદ્ધાના આ શબ્દો મને વિશ્વપ્રેમના મહામંદિરમાં લઈ ગયા, જ્યાં માત્ર પ્રકાશ અને પરિમલ જ છે !

એમને મેં પ્રેમથી સંબોધ્યા. પ્રેમના પવિત્ર જળમાં સ્નાન કરી એ મારી નિકટ આવ્યા. પછી આ પ્રેમના તાંતણે બંધાયેલા યુવાનોએ કલાકો સુધી મારી સાથે વાર્તાલાપ કર્યો. એમની પહાડી મિશ્રિત અર્ધ ગુજરાતી ભાષા બને ત્યાં સુધી હું સમજવા પ્રયત્ન કરતો. સમજતો ત્યાં હું ઉત્તર આપતો, અને ન સમજતો ત્યાં જરા સ્મિત કરતો.

મારા સ્મિતનો અર્થ 'હું સમજ્યો નથી' એમ એ સહેલાઈથી કરી લેતા અને ઇશારાથી મને સમજાવતા. એમની વાતોમાં મને, અને મારી વાતોમાં એમને ધીરેધીરે એવો તો રસ પડ્યો કે સાંજ થવા આવી તો પણ ન ચસક્યો હું કે ન ખસ્યા એ.

સંધ્યા એનો રંગબેરંગી સાળુ બદલી એની બહેનપણી રજનીને મળવા ગઈ, ત્યારે જ મને ખબર પડી કે સૂર્યાસ્ત તો ક્યારનો ય થઈ ગયો છે !

'મહારાજ ! રસ્તો જરા ખરાબ છે, એટલે વહેલા ન જતા. અમે તમને સામા ગામ સુધી વળાવવા આવીશું. લો રામ-રામ !' કામઠું ખભા ઉપર મૂકી ઊભા થતા યુવાનોએ કહ્યું.

ઘડીભર હું એ યુવાનોને જતા જોઈ રહ્યો. એમનું શરીર કાળું હતું, પણ વાતો કેવી ઊજળી હતી ! કપડાં ફાટેલાં હતાં, પણ દિલ કેવું અખંડ હતું ! કપડાંને થીગડાં હતાં પણ મન પર ક્યાંયે કૃત્રિમતાનાં

થીગડાં ન હતાં! ચિરાયેલા ધોતિયાને એમણે ગાંઠો મારી હતી, પણ મનમાં થોડી જ એમણે ગાંઠો વાળી હતી? એ તો પ્રકૃતિ મૈયાના લાડકવાયા હતા! એક ઘા ને બે કટકા–એ એમનું સૂત્ર હતું. એમને જો સાચું જ્ઞાન મળ્યું હોત તો? એમનાં ઝટ સળગી ઊઠે એવા દિલની કોઈ દિલસોજ માનવીના હાથે માવજત થઈ હોત...તો...પણ આ પ્રશ્ન જ અસ્થાને છે ને?

આકાશના ઝરૂખામાંથી ઉષાએ પોતાનો ગુલાબી ચહેરો બહાર નહોતો કાઢ્યો, ત્યાં તો દશે યુવાનો તીર–કામઠાં લઈ હાજર થઈ ગયા. મારી સાથેના એક ભાઈ મનમાં જ બબડ્યા: 'આ વળાવવાના બહાને અર્ધે રસ્તે લૂંટવા તો નથી આવ્યા ને?' પણ એનો બબડાટ સાંભળી મારાથી ન રહેવાયું. મારાથી બોલી જવાયું—

**'શ્રદ્ધા ભરી જે સત્યથી, તે તો કદી ફરતી નથી;**
**શ્રદ્ધાવિહોણી જિંદગી, જગમાં કદી ફળતી નથી.'**

પણ કોણ જાણે મને એવું ઘેલું લાગ્યું, કે એમની વાતો જ સાંભળવી ગમે. આખે રસ્તે વાતો, વાતો અને વાતો. એ યુવાનોને પણ એમનો અનુભવ ઠાલવવાની જાણે આજ ધૂન લાગી હતી! રસ્તામાં ઝાડોની ઓળખાણ આપે. થોડું ચાલીએ ત્યાં પક્ષીઓની વાત ઉપાડે. વળી ખીણોની, પર્વતોની, અને નદીઓની પિછાન કરાવે. ક્યાંક છૂપી પગદંડીઓની, શિકારની, લૂંટની અને છેલ્લે સંતાઈ જવાનાં સ્થાનોની વાતો કરે!

લૂંટની વાત નીકળતાં જ મારાથી ન રહેવાયું. મેં ખુલ્લા દિલે, પેલા ભાઈઓએ કહેલી વાત એમને કહી સંભળાવી. વાત સાંભળતાં જ એ ખડખડાટ હસી પડ્યા. પર્વતોમાં પડઘા પાડતું એમનું હાસ્ય સાંભળી હું જરા ડરી ગયો. આ કેવું વિચિત્ર હાસ્ય! ત્યાં તો એમનામાંનો એક શાણો ગણાતો નાયક જેવો યુવાન બોલી ઊઠ્યો:

'સાચું, સાચું, મહારાજ! તમે કહેલું બધું સાચું છે. તમારી

આગળ અમે જૂઠું નહિ બોલીએ. અમારામાંનો એકાદ કોઈને લૂંટે એટલે અમે જ લૂંટીએ છીએ, એમ કહેવાય; પણ અમે કોને લૂંટીએ છીએ, એ તમને પેલા ભાઈઓએ કહ્યું નથી લાગતું!'

મેં કહ્યું, 'કોને વળી શું? જેની પાસે માલ હોય તેને!'

'ના, મહારાજ! ના. અમારે માથે પણ ભગવાન છે. અમારે ય એક દી મરવાનું છે. અમે જેને તેને ન લૂંટીએ. ગામમાં જે શાહુકાર થઈ, વિદ્યા ભણી, મોઠી વાતો કરી અમને લૂંટતા હોય, તેમને અમે અહીં લૂંટીએ છીએ. એ અમને ગામમાં લૂંટે તો અમે એમને જંગલમાં લૂંટીએ. એ લોકો ગરીબોને લૂંટતી વખતે થોડી જ દયા રાખે છે, તે અમે એમના ઉપર દયા રાખીએ? એ અમ ગરીબોને પ્રેમથી ન આપે તો બીકથી તો આપે ને! પણ તમારી વાત ન્યારી છે, તમે તો સાધુસંત કહેવાઓ. તમે કોઈને લૂંટતા નથી, પણ ઊલટું તમે તો આપો છો. તમને લૂંટવાના ન હોય, તમને તો આપવાનું હોય. તમને લૂંટે એને તો ભગવાન લૂંટે. લો, મહારાજ! આ ગામ આવી ગયું. અમે હવે પાછા વળીશું. રામ-રામ! કો'ક દી આંહીં પધારજો અને ગોપસિંહને યાદ કરજો...'

પ્રેમથી નમન કરી એમણે વિદાય લીધી, પણ ગામમાં પેસતાં મને એક જ વિચાર આવતો હતો કે, 'હું એમને કેમ કરી સમજાવું કે તમે ઊભું કરેલું આ તત્ત્વજ્ઞાન ખોટું છે! ગામના માણસો તમને લૂંટે એટલે તમે એમને લૂંટો એ ક્યાંનો ન્યાય? બે કાળી વસ્તુ ભેગી કરવાથી કાળી વસ્તુ થોડી જ ધોળી થઈ જવાની છે?......પણ આ તો રહ્યા પ્રકૃતિમૈયાના લાડકવાયા! એમને માટે તો એમણે ઊભો કરેલો ન્યાય જ સાચો, આપણો ન્યાય એમને શું કરવાનો?

આ પ્રસંગે મનને આટલું સમાધાન તો મળ્યું: આટલા અંધકારમાં પણ સાધુસંતના નામનો આછો આછો ધ્રૂવ તારો પ્રકાશે છે, એ શું આશ્ચર્ય નથી?

★

# બિંદુમાં સિંધુ


**વર્ષા** ઋતુ હતી. હરિયાળી વનરાજિથી વસુંધરા હસી રહી હતી. આકાશમાં વાદળો પર વાદળનો મંડપ જામ્યો હતો. આથમતા સૂર્યનાં કનકવર્ણી કોમળ કિરણોએ આકાશમાં રંગોળી પૂરી હતી. લાલ પીળા આછા જાંબલી વર્ણના મિશ્રણથી નીલવર્ણી ગગનમાં રંગનો બજાર જામ્યો હતો. એમાં સપ્તવર્ણું મેઘધનુષ્ય ખેંચાયું. આ ઇન્દ્રધનુની આસપાસ સોનેરી વાદળોને વીંધીને આવતાં કિરણો રાસલીલા રમવા લાગ્યાં.

મહાત્મા આનંદઘનજીના ભક્તનું હૈયું પણ આ નયનમનોહર દશ્યથી નર્તન કરવા લાગ્યું. અર્ધોન્મિલિત-દષ્ટિથી ધ્યાનમાં લીન બનેલા આનંદઘનજી પાસે એ દોડી આવ્યો.

'ગુરુદેવ! બહાર આવો. આવું જોવાનું ફરી નહિ મળે. ગગનમાં નિસર્ગની શું રંગલીલા જામી છે! આહ...અલૌકિક!'

મહાત્મા આનંદઘનજીના ઓષ્ઠ પર સ્મિત રમી રહ્યું—જાણે મત્ત ફૂલની મધુર સુવાસ પ્રસરી. વેલ પર શ્વેત ફૂલ આવે એમ એમના હોઠ પર શબ્દો આવ્યા :

'વત્સ! તું અંદર આવ. જેના માત્ર એક જ કિરણમાં વિશ્વની સમસ્ત લીલા અને શોભા સમાઈ જાય એવાં અનંતકિરણોથી શોભતા આત્માની આત્મલીલા અહીં જામી છે. તું અંદર આવ. આવો અવસર ફરી નહિ આવે. આવ, તું અંદર આવ.'



# અભયદાન શા માટે શ્રેષ્ઠ ?

**પૌ**ષધનું પવિત્ર વ્રત લઈ રાજા મેઘરથ ધર્મમંદિરમાં બેઠા હતા. પાપના વ્યાપારનો ત્યાગ અને ધર્મના વ્યાપારનો રાગ એનું નામ પૌષધવ્રત.

ચંદ્રની આસપાસ તારક મંડળ જામે તેમ રાજાની ચારે બાજુ નાના મોટા રાજવીઓનું મંડળ જામ્યું હતું. મધ્યાહ્નનો સમય હતો અને ધર્મચર્ચા ચાલી રહી હતી. અભયદાન–જીવિત દાન એ વાતનો વિષય હતો.

"દાનમાં અભયદાન જ શા માટે શ્રેષ્ઠ?" એક માંડલિકે પ્રશ્ન કર્યો.

"કારણ કે અભય આપનારે પહેલા પોતાનું જીવન અભય કરવું પડે છે. અને અભય, સંપૂર્ણ જીવનશુદ્ધિ વિના શક્ય જ નથી. વળી અભય વ્રત માટે વખત આવે જીવનનું પણ બલિદાન આપવું પડે."

મેઘરથ રાજા આટલું કહે તે પહેલાં એક ભયભ્રાંત ધ્રૂજતા પારેવાએ એના ખોળામાં પડતું મૂક્યું. મેઘરથ બોલતા થંભી ગયા. એમણે અણધાર્યા આવેલા આ પારેવા સામે જોયું. ગભરુ પારેવાની

કરુણામય આંખો જીવનની ભીખ માંગી રહી હતી. એની ઊછળતી છાતી કહેતી હતી : 'મને બચાવો, અનાથોના નાથ! મારે તમારું જ શરણ છે. તમારું અભયવ્રત મને અભય નહિ અપાવે?'

દયાળુ મેઘરથ એની આંખોના ભાવ પામી ગયા. કોમળ હાથ એના નાજુક પીછાં પર ફેરવતાં રાજાએ કહ્યું, 'ગભરુ જીવ! ગભરાઈશ નહિ. તું અભય છો. પ્રાણના ભોગે પણ શરણે આવેલાનું રક્ષણ કરવું એ મારો ક્ષત્રિયધર્મ છે. એમાં પણ આજ તો મારે પૌષધ વ્રત છે. તું અભય છો.'

તે જ પળે, બારીમાંથી પવનના સૂસવાટા સાથે ઝડપથી એક બાજે પ્રવેશ કર્યો. એની આંખો પારેવા પર મંડાઈ રહી. એની આંખોમાં રહેલી ક્રૂરતાથી પારેવું કંપી ઊઠ્યું. એ બોલ્યો : 'રાજન, તમારા ખોળામાં રહેલું પારેવું એ મારું ભક્ષ્ય છે, એને મૂકી દો. ભૂખની આગમાં હું શેકાઈ રહ્યો છું.'

અષાઢનાં વાદળાં આકાશમાં જામ્યાં હતાં. ધર્મમંદિરના ઉદ્યાનમાં વિસ્તરેલી વેલડિયોને ડોલાવતી પવનની લહેરખીથી વાતાવરણ ખુશનુમા હતું, પણ બાજની આ હિંસક ભાષાથી વાતાવરણ ઉગ્ર થઈ ગયું.

'બાજ! શરણે આવેલાને શરણ આપવું એ અમારો ક્ષત્રિયધર્મ છે. માણસ ધર્મ ચૂકે પછી શું રહે? ભાઈ, મારે અભય વ્રત છે. એને અભય આપ્યું છે. એ તને નહિ મળે.' મેઘરથના ઓષ્ઠ ઉપર નિશ્ચયની દૃઢ રેખાઓ હતી.

'મારે પણ જીવવા માટે પેટ તો ભરવું ને?' લોહીતરસી આંખો ફેરવતાં બાજે કહ્યું.

'પણ પાપથી?' દયાર્દ્ર આંખ બંધ કરતાં મેઘરથે કહ્યું, 'પારકાથી પોતાનું પોષણ એ ધર્મનું શોષણ છે. તારા એક પીછાંને કાપતાં જે કારમી વ્યથા તને થાય, એ જ આ પારેવાને પણ થાય, એ સમાન જીવનધર્મ પણ તને નથી સમજાતો? તારી તૃપ્તિ માટે બીજાનો સર્વનાશ કરવો છે?'

સૂર્ય વાદળમાંથી બહાર આવ્યો અને વાતાવરણમાં ઉગ્રતા વધવા લાગી. બાજના શબ્દોમાં પણ એટલી જ ઉગ્રતા હતી.

'રાજન્! તમે પેટ ભરેલા છો તેથી ધર્મને અધર્મ, માનવતા ને દાનવતા, અહિંસા ને હિંસાની ફિલસૂફી તમને સૂઝે છે. પણ હું તો ભૂખ્યો છું. દરિદ્રતાનું દુઃખ અને ભૂખની પીડા કારમી હોય છે. અત્યારે તો હું ભૂખની આગમાં ભડભડ બળી રહ્યો છું.'

ખરેખર! ભૂખ એ રૂપને બાળનારી, લાવણ્યને ચૂસનારી, યૌવનનો નાશ કરનારી, સ્મૃતિનો ધ્વંસ કરનારી, નયનોને કોતરી ખાનારી, વૈરાગ્યને ઉત્પન્ન કરનારી, બંધુઓ વચ્ચે કલહ કરાવનારી, અને માનવતાને સમૂળગી સળગાવનારી બહુરૂપી રાક્ષસી છે.

બાજની વાસ્તવિક્તાએ ઉગ્રતા ધારણ કરી.

'રાજન! લજ્જા, વિવેક, ધર્મ, સૌમ્યતા વિદ્યા કે સ્નેહ એ ત્યાં સુધી જ જળવાય છે, જ્યાં સુધી એ ભૂખના વિકરાળ બાહુમાં ભીંસાતો નથી. એના બાહુમાં ભીંસાએલાને ન હોય શર્મ કે ન હોય ધર્મ, ન હોય વિવેક કે ન હોય વિનય, ન હોય સ્નેહ કે ન હોય સૌમ્યતા.'

પ્રતાપી સૂર્ય અષાડની નવજાત વાદળીઓને આવતી જોવા માટે આ મેઘની ઘટામાં છુપાયો હતો, એટલે ચારે બાજુ મેઘરથના ઉત્તર જેવી શાંતિ અને મીઠાશ હતી.

'પંખીરાજ! હું તમારી વાસ્તવિક વાત કબૂલ કરું છું. ભૂખનું દુઃખ આકરું છે, તો હું તમને મનગમતું ખાવા અપાવવા તૈયાર છું. બોલો તમને શું ખપે છે?

બાજની આંખમાં હિંસા ધસી આવી, એની લોહીતરસી આંખ કહેવા લાગી, 'અમારે મનગમતું એટલે માંસ. અમને માંસ વિના બીજું શું પ્રિય હોય?'

'ફરી માંસ? અરે ભલાભાઈ! માંસ સિવાય બીજો કાંઈ

ખોરાક માગ. અભયવ્રતવાળો હિંસા કઈ રીતે કરી શકે? નિર્દોષને ભય ઉત્પન્ન કરવો એ તો વ્રતભંગ કહેવાય.'

'રાજન! માંસ એ અમારો ખોરાક છે, અને એ પણ વાસી નહિ તાજું માંસ. વ્રત પાળવું કે તોડવું તે તમે જાણો. હું તો મારા પેટ માટે માંસ માંગું છું. અને ખરું કહું તો રાજન! ધર્મ વાતોથી નથી પળાતો. વર્તનથી પળાય છે!. બીજાનું નહિ તો તમારું માંસ આપો. પણ આપો, માંસ આપ્યા વિના તો નહિ જ ચાલે!' નફટાઈના શીખરે બેસી બાજે કહી જ નાખ્યું.

વાદળીઓ ચારે બાજુથી ધસી રહી હતી. વાતાવરણની ગંભીરતા સૂર્ય સમજી ગયો. આ દશ્યને જોવાની હિંમત ખોઈ બેઠેલો સૂર્ય વાદળામાં સંપૂર્ણ સંતાઈ ગયો.

મેઘરથની આજ્ઞા થતાં ધર્મમંદિરમાં કાંટો ગોઠવાઈ ગયો. એક પલ્લામાં પારેવું હતું. બીજા પલ્લામાં શ્રી મેઘરથ પોતાની જાંઘમાંથી કાપી કાપીને માંસની પેશીઓ ગોઠવી રહ્યા હતા. લોહીનું ઝરણ વહી રહ્યું હતું. પલ્લામાં માંસની પેશીઓની ઢગલી થઇ, પણ પલ્લું જરાય ન નમ્યું. મેઘરથ એક ક્ષણ વિચારમાં પડચા. પારેવાનું તે આટલું બધું વજન? કંઈ કાવતરું તો નહિ હોય? પણ મારે શું? મારે તો મારું વ્રત પાળવું છે.

ધૈર્યના ભંડાર મેઘરથ પોતે જ ત્રાજવામાં બેસી ગયા.

સૌના મોંમાંથી આહ નીકળી! 'નાથ! એક નાચીજ પારેવા માટે પ્રાણત્યાગ ન હોય. આ તો કંઈક કાવતરું છે. આપની જાંઘમાંથી વહી જતું લોહી જોઈને અમને તમ્મર આવે છે.' સભામાંથી પોકાર પડચો.

પલ્લામાં બેઠેલા મેઘરથે કહ્યું: 'ગમે તે હો, કાવતરું હો કે, સત્ય હો! મારે મન આ પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞા એ મારો પ્રાણ છે. અને પ્રતિજ્ઞા એ મારું ધન છે. પ્રતિજ્ઞાપાલન એ જ જીવનની

સાચી ઈતિશ્રી છે. પ્રતિજ્ઞા તૂટે ત્યારે એક માનવીનું જીવન નથી તૂટતું, પણ લાખો માનવીઓનાં હૈયાં તૂટે છે. પામરતા પ્રતિજ્ઞાનો ભંગ કરાવે છે. સાત્ત્વિકતા પ્રતિજ્ઞાને અભંગ રાખે છે.)

મેઘરથના અમર ધોષ પર મોહેલી નવજાત વાદળીઓ વરસી રહી. અમી છાંટણાંઓથી ધરતી શાતા અનુભવવા લાગી. ત્યાં ઓચિંતો પ્રકાશનો પુંજ ચારે બાજુ પ્રસર્યો. અને એમાંથી એક અનુપમ લાવણ્ય ઝરતી સુંદર આકૃતિ પ્રકટી.


સૌ સ્તબ્ધ બની ગયા.

'હું દેવકુમાર!' રાજા મેઘરથના ચરણમાં એ પ્રકાશ-મૂર્તિએ માથું મૂકી સૌને ઉદ્દેશીને કહ્યું, 'આ નરરત્નની કસોટી કરવા આવ્યો હતો. કારણ કે દેવસભામાં ઈન્દ્રે રાજા મેઘરથના વ્રતનાં વખાણ સ્વમુખે કર્યાં. મારે ગળે એ વાત ન ઊતરી. મને થયું કે દેવની શક્તિ આગળ માનવ–શક્તિ શું હિસાબમાં? મેં એ માટે તેમને કસોટીએ ચઢાવ્યા. આજે માનવીના મનોબળ આગળ મારું મસ્તક નમે છે. પારેવા ને બાજ એ મારા વૈક્રિય રૂપ છે. હે ભરતખંડના ભાવિ તીર્થંકર સોળમા શ્રી શાંતિનાથ! મહા માનવની પૂર્વ ભૂમિકામાં પણ માનવતા કેવી ભવ્ય હોય છે, તેનું આપ ઉદાહરણ છો. પ્રભો! પુનઃ આપનાં ચરણોમાં માથું મૂકી, હું ક્ષમા યાચું છું. મને ક્ષમા આપો. આપનાથી વસુંધરા બહુરત્ના છે!'

અલોપ થતી પ્રકાશમૂર્તિને સૌ જોઈ રહ્યા. શ્રી મેઘરથના અક્ષત અંગ પર પુષ્પગંધ ને પ્રકાશની વૃષ્ટિ થઈ રહી હતી, ને વસુંધરા પર જળવૃષ્ટિ થઈ રહી હતી.

વ્રતધારીનો વિજય હો!

★



# ઇજ્જત કોણે લીધી !

**ઝા**કળના બિંદુનું રૂપ તો કાંઈ નથી, પણ એ જ્યારે કમળના પાંદડા પર પડ્યું હોય છે, ત્યારે તો એ સાચા મોતીની રમ્યતા સર્જતું હોય છે. તેમ વાણી ને વર્તનનું એમ તો કાંઈ મૂલ્ય નથી, પણ વિવેક વાપરવાથી એનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આવનાર અતિથિ માટે બધી સગવડતા સાચવી હોય, દરેક રીતે તૈયારી કરી હોય, કોઈ પણ વસ્તુની જરાય ખામી ન રાખી હોય, પણ એમાં જરાક જો વિવેકની ખામી રહી ગઈ હોય તો બધી તૈયારીઓ અને સાચવેલી સગવડો વ્યર્થ જાય છે. એમ કોણ નથી જાણતું ? છતાં આપણે જોઈશું તો જાણવા મળશે કે જીવનપંથના ઘણા ખરા મુસાફરો માત્ર એક વિવેકની ઊણપને લઈને જ જીવનમાં નિરાશા અનુભવતા હોય છે.

ધાર્મિક ઉત્સવ શું કે આધ્યાત્મિક ચિન્તન શું, સામાજિક પ્રવૃત્તિ શું કે રાષ્ટ્રીય ક્રાંન્તિ શું–આ બધી પ્રવૃત્તિઓ વિવેક માગે છે. વિવેકના અભાવે આ વસ્તુઓ જળ–વિહોણા સરોવર જેવી બની જાય છે. જેને વિવેકનો ચીપિયો મળી આવે છે તે ગમે તેવી વસ્તુને પણ એ ચીપિયાથી ઉપાડી સમયને અનુરૂપ બનાવી શકે છે, પણ જેને એ ચીપિયો મળ્યો નથી, એ ગમે તેટલી પ્રવૃત્તિ કરે પણ એ

પરિમલ વિનાના પુષ્પ જેવી જ ગણાય. વસ્તુ દેખાય ઘણી પણ એમાં સત્ત્વ કાંઈ ન હોય.

એટલે જ વિવેકી માણસો દુનિયામાં ધમાલ ભરેલા શબ્દો કરતાં, અર્થ ભરેલા કાર્ય તરફ વધારે લક્ષ આપતા હોય છે. એ જેમ કાર્ય કરતા જાય તેમ એમાંથી સુવાસ પ્રગટતી જાય, અને કાર્યની સુવાસ જ્યારે બોલે છે ત્યારે એની આગળ માણસની વાચા સાવ પામર લાગે છે.

પણ અવિવેકી માણસો તો બોલવાને બહુ મહત્ત્વ આપતા હોય છે. એ તો એમ જ માનતા હોય છે કે વાચાળતાથી જ આ જગતનો રથ અવિરતપણે ચાલે છે, પણ અર્થહીન અને વિવેકહીન વાચાથી અનર્થની હારમાળા ઊભી થાય છે, એ એમના ધ્યાનમાં નથી આવતું.

આજ જ્યારે વિવેકની ચર્ચા ઊપડી છે, ત્યારે મુંબઈનો એક પ્રસંગ મને યાદ આવે છે.

નવેક વાગ્યાનો સમય હતો. ગુમાસ્તાધારા પ્રમાણે સમયસર દુકાન બંધ કરી, હરીલાલને માથે ચોપડા ઉપડાવી રમણલાલ ઘેર જઈ રહ્યા હતા.

એમનું ઘર ત્રીજા ભોઈવાડામાં હતું, એટલે ગલીના વળાંક પાસે જ રસિકલાલનો ભેટો થયો. રસિકલાલ રમણલાલનો હરીફ હતો, અને ગુંડો પણ ખરો. એના મનમાં ઘણા વખતની દાઝ હતી. એ તક જોતો હતો. લાગ મળે તો અપમાનનો બદલો તમાચાથી વાળવાની એને ધૂન ચઢી હતી.

આજનો પ્રસંગ રસિકને ઠીક લાગ્યો. માર્ગમાં ખાસ કોઈની અવર-જવર પણ નહોતી. ગલીનો એક વળાંક હતો. બત્તી જરા દૂર હતી, એટલે લાગ જોઈ એણે રમણલાલને એક ધોલ મારી એની પાઘડી ધૂળ ભેગી કરી, છુ થઇ ગયો.

રમણલાલ શાણા, ચકોર અને સમયજ્ઞ હતા. એણે પાછું વાળી જોયું પણ રસિકલાલ ક્યારનોય અદૃશ્ય થઈ ગયો હતો. એટલે કાંઈ

પણ બોલ્યા વિના પાઘડીની ધૂળ ખંખેરી, માથા પર મૂકી, જાણે કાંઈ જ બન્યું નથી એ રીતે આગળ વધ્યા.

હરિલાલ એ રમણલાલનો વફાદાર અને ભલો નોકર હતો એનાથી આ દૃશ્ય ન જોવાયું. એને લાગી આવ્યું, પણ પકડનાર કરતાં ભાગનારનાં પગમાં જોર અને વેગ વધારે હતાં. એ પાછળ દોડયો, પણ પહોંચી ન શક્યો; એટલે બબડવા લાગ્યો; 'અરે, અરે આણે શેઠની ઇજ્જત લીધી! શેઠનું અપમાન કર્યું! નીચ બદમાશે શેઠની પાઘડી ધૂળ ભેગી કરી!'


મકાનમાં પેસતાં જ સામે રામો મળ્યો, 'અરે. રામા! પેલા નાલાયક રસિકે શેઠને તમાચો માર્યો, શેઠની પાઘડી ધૂળ ભેગી કરી, શેઠની ઇજ્જત લીધી.' રામાના ખભાને ઢંઢોળતા હરિલાલે કહ્યું. આ જ વાત રસોયાને કરી, અને પછી બીજાઓને ભેગા કરી આ જ વાતનું એક પારાયણ કરવા લાગ્યો;

'રસિકે તમાચો મારી શેઠની ઇજ્જત લીધી.'

સૌની આગળ આ પ્રસંગને રસપૂર્વક વર્ણવતો હરિલાલ પોતાના મનમાં પોતાની વફાદારી પર અને પોતાની આવડત પર મલકાતો હતો, પણ વિવેકહીન વાચાથી કેટલું નુકશાન થાય છે, એ એને સમજાતું નહોતું.

અવિવેકીની વિશેષતા જ એ કે, એ પોતાના અજ્ઞાન ઉપર પણ જ્ઞાનની છાપ મારી, એનું પ્રદર્શન ભરે,

રમણલાલે હરિલાલને ખૂણામાં લઈ જઈ કહ્યું : અરે, મૂર્ખ! ઇજ્જત એણે નથી લીધી, પણ ઇજ્જત તો તેં લીધી. ગલીમાં તમાચો માર્યો, એ તો હું અને એ જ જાણીએ. પણ ગમાર! તેં તો આ ગુપ્ત વાતની સૌને ખબર આપી. આ વાત કોઈ જાણતું નહોતું તેં સૌને જણાવી; એટલે ઇજ્જત એનાથી નથી ગઈ, પણ તારાથી ગઈ. વિવેકવિહોણા તારા જેવા મૂર્ખાં ભલાઈને નામે બૂરાઈ કરે, સારાના નામે ખરાબ કરે, ધોળાના નામે કાળું કરે!'



# ક્રોધ નહિ, ક્ષમા કર!

**આ**કાશની અટારીમાંથી ઉષાએ પોતાનું મોં બહાર કાઢ્યું, ત્યારે આચાર્ય દ્રોણ પોતાના છાત્રોને જીવનશિક્ષણ આપી રહ્યા હતા.

માન સરોવરની આસપાસ જેમ હંસની પંક્તિ બેસે, એમ આચાર્ય દ્રોણની આસપાસ વિદ્યાર્થીઓ બેઠા હતા. અધ્યયનનો પ્રારંભ કરતાં આચાર્ય દ્રોણે કહ્યું : 'છાત્રો ! આજે આ સૂત્ર કરી લાવો, क्रोधं मा कुरू, क्षमां कुरू ક્રોધ કરીશ નહિ, ક્ષમા કર !'

આ મિતાક્ષરી સૂત્ર છાત્રો ગોખવા મંડી પડ્યા. પૂરો અર્ધો કલાક પણ નહિ થયો હોય, ત્યાં ભીમ ઊભો થયો. નમન કરીને એણે કહ્યું. 'ગુરુદેવ ! પાઠ આવડી ગયો છે, કંઠસ્થ પણ થઈ ગયો છે. કહો તો બોલી જાઉં ? ક્રોધં મા કુરુ. ક્ષમાં કુરુ !'

તે પછી અર્જુન, દુર્યોધન, એમ એક પછી એક છાત્રો આવતા ગયા અને શુદ્ધ વાણીમાં સ્પષ્ટ સૂત્રો બોલી પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા. પણ આ શું ! સૌથી તીવ્ર મેધા ધરાવનાર ધર્મરાજ યુધિષ્ઠિર તો આજ ઊઠતા જ નથી ! શું એમને આ ટૂંકું સૂત્ર પણ નથી આવડતું ? શું એમની બુદ્ધિના ચંદ્રને જડતાનો રાહુ ગળી ગયો ?

આકાશની ઉષા યુધિષ્ઠિરની પ્રજ્ઞા પર સ્મિત કરી ચાલી ગઈ. બાલસૂર્ય ઊભો ઊભો યુધિષ્ઠિરના આ અધ્યયનની રીત જોઈ રહ્યો.

ગુરુએ હાક મારી; 'વત્સ યુધિષ્ઠિર! પાઠ આવડ્યો કે?'

તુષારધવલ સ્મિત કરી યુધિષ્ઠિરે કહ્યું: 'ના ગુરુદેવ, પાઠ હજી નથી આવડ્યો.'

મીઠો ઠપકો આપતાં ગુરુદેવે કહ્યું: 'આટલું નાનું સૂત્ર પણ નથી આવડતું? જા, જલદી કરી લાવ.'

સૂર્ય તો આગળ વધી રહ્યો હતો. મધ્યાહ્‌ન થવા આવ્યો પણ યુધિષ્ઠિર તો સૂત્રને રટે જ જાય છે. ગુરુએ ફરી પૂછ્યું:

'કેમ, યુધિષ્ઠિર! હજી કેટલી વાર છે?'

અતિ નમ્રતાથી નમન કરી યુધિષ્ઠિરે જવાબ વાળ્યો.: 'ના, ગુરુદેવ, પાઠનો પ્રયોગ હજુ પૂરો થયો નથી.'

આ સાંભળી ગુરુ કંટાળી ગયા; રે! આવો તેજસ્વી વિદ્યાર્થી આવો જડ કેમ? સૌથી મોખરે રહેનાર સૌથી પાછળ કેમ? આચાર્યથી ન રહેવાયું. સાંજ પડવા આવી હતી, એટલે યુધિષ્ઠિરનો કાન પકડી એક હળવો તમાચો મારતાં કહ્યું:

'પાઠ હજી નથી આવડ્યો?'

તે જ પળે, એવી જ નમ્રતાથી યુધિષ્ઠિરે કહ્યું: 'ગુરુદેવ, પાઠ આવડી ગયો. પ્રયોગ પૂરો થયો.'

દુર્યોધન દૂર ઊભો ઊભો મનમાં મલકાતો વિચાર કરી રહ્યો હતો: સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ.

સંધ્યાનો રંગ ગુરુની ઉજ્જ્વળ દાઢીએ ગુલાબી રંગે રંગી રહ્યો હતો, ત્યારે યુધિષ્ઠિરનાં નયનોમાંથી ક્ષમા નીતરી રહી હતી.

*વાત્સલ્યથી યુધિષ્ઠિરના મસ્તક પર હાથ ફેરવતાં ગુરુએ પૂછ્યું:* 'વત્સ, થોડા વખત પહેલાં તો પાઠ નહોતો આવડતો અને હવે એકદમ કેવી રીતે આવડી ગયો?'

યુધિષ્ઠિરે કહ્યું: 'ગુરુદેવ, આપે કહ્યું કે 'ક્રોધં મા કુરુ, ક્ષમાં કુરુ.'

પણ ક્રોધનો પ્રસંગ આવ્યા વિના મને શી ખબર પડે કે મેં ક્રોધ નથી કર્યો, અને મેં ક્ષમા રાખી છે! અત્યારે જ્યારે આપે તમાચો માર્યો તોયે મને ક્રોધ નથી થયો અને ક્ષમા જ રહી: એટલે આ પ્રયોગ દ્વારા મને લાગ્યું કે હવે મને પાઠ આવડ્યા છે.'

આ જીવનશિક્ષણથી દ્રોણ યુધિષ્ઠિરને વાત્સલ્યભાવથી ભેટી પડ્યા, ત્યારે ગગનનો સૂર્ય શિક્ષણની આ નવી રીત ઉષાને કહેવા અસ્તાચળ પરથી સરી ગયો.

★

## દૃષ્ટિ તેવી સૃષ્ટિ

**માણસની** જેવી દૃષ્ટિ હોય છે, તેને તેવી જ સૃષ્ટિ દેખાય છે. માણસ કાળાં ચશ્માં પહેરે તો એને આખું જગત કાળું દેખાય, ઉજ્જવળ ચંદ્ર પણ શ્યામ દેખાય! વિશ્વને એના સ્વરૂપે જોવા માટે પણ નિર્મળ દૃષ્ટિ જોઈએ.

હસ્તિનાપુરની રાજસભામાંથી દુર્ગુણીને શોધી કાઢવાનું કહ્યું, ત્યારે ધર્મરાજાને કોઈ દુર્ગુણી ન દેખાયો; કારણ કે પ્રત્યેક માનવીઓમાં એણે કંઈક ને કંઈક વિશિષ્ટ ગુણો જોયા, એને સૌ સદ્ગુણી જ લાગ્યા!

જ્યારે આ વાત દુર્યોધનને કહેવામાં આવી, ત્યારે એની નજરમાં કોઈ સદ્ગુણી જ ન આવ્યો; કારણ કે એણે ગુણવાન આત્મામાં પણ કંઈક ને કંઈક દુર્ગુણ શોધી કાઢ્યો, અને એને આખી સભા દુર્ગુણીઓથી ઊભરાયેલી દેખાઈ!



# અર્પણ ધર્મ

**ઘણીવાર** વિચાર આવે છે કે, ભારતની સંસ્કૃતિના મૂળમાં એવાં તે કયાં તત્ત્વો પડ્યાં છે કે એના પર આટલાં આક્રમણો અને આટલા પ્રહારો થયા છતાં, એનો આત્મા અખંડ રહ્યો:

આટલા પ્રહારો થયા પછી કોઈ પણ સંસ્કૃતિનો આત્મા અખંડ રહ્યો હોય એવો દાખલો ઇતિહાસને પાને નોંધાયો નથી. ભારતની સંસ્કૃતિએ પ્રહારો સહ્યા છે. આક્રમણો વેઠયાં છે, છતાં એ પડી નથી, ઊભી છે. વણસી નથી, વિકસી છે. આના સ્થૂલ કારણો ન મળતાં હોય તો ય આ વાત સાંભળ્યા પછી લાગે છે કે આવી ઉદાત્ત ભાવના એના મૂળમાં ધરબાયેલી છે. અપૂર્વ અર્પણ ભાવના જ આ સંસ્કૃતિનો આત્મા છે.

અકબરના પુત્ર સલીમે મેવાડ ઉપર ચઢાઈ કરી તે દિવસની આ વાત છે. એક રાજ્ય બીજા રાજ્ય ઉપર ચઢાઈ કરે ત્યારે ચઢાઈ કરનાર રાજ્ય, જે રાજ્ય ઉપર આક્રમણ કરે ત્યાંથી જ પોતાના સૈન્ય માટે ખોરાક મેળવે, એવો સ્વાભાવિક ક્રમ હોય છે, એટલે સલીમના સેનાપતિએ હુકમ કર્યો. 'જાઓ, ઘોડાઓ માટે લીલા ચણા કાપી લાવો.'

અધિકારી પોતાની સાથે એક ટુકડી લઈ જંગલ ભણી ચાલી

નીકળ્યો. ડુંગરાળ પ્રદેશ હતો, મધ્યાહ્નનો સમય હતો. ક્યાંક લીલાં ખેતરો દેખાતાં હતાં, પણ માણસ તો ક્યાંય દેખાતો ન હતો. વાતાવરણમાં શૂન્યતા હતી. લીલા ચણાનાં ખેતરો કેમ મળે?

અધિકારી નિરાશ થઈ ગયો. એટલામાં ખેતરના છેડા ઉપર એક નાનકડી ઝૂંપડી દેખાણી. એના મુખ ઉપર આશાનું કિરણ ફરક્યું! અધિકારીએ જઈ ઝૂંપડીનું બારણું ઠપકાર્યું. અંદરની પડછંદ કાયાવાળો એક વૃદ્ધ ખેડૂત બહાર આવ્યો.

કરચલીઓવાળું એનું મુખ, ભાવભીની એની આંખો, અને અણિયાળું નાક, એના જીવનમાં રહેલી ભવ્યતાને વ્યક્ત કરી રહ્યાં હતાં.

અધિકારીએ કહ્યું, "દાદા! અમારા ઘોડાઓ માટે ચણા જોઈએ છે, તો અમારી સાથે ચાલો અને કોઈનું ખેતર બતાવો.'

આ સાંભળી વૃદ્ધ એકદમ વિચારમાં પડી ગયો. હૈયામાં પ્રગટેલી વેદનાની જ્વાળાથી એનું મુખ તામ્રવર્ણું થઈ ગયું, અને સ્વાર્થ અને પરમાર્થના રવૈયાના બે દોરથી એનું હૈયું વલોવાઈ રહ્યું: પણ એ જ પળમાં એણે નિર્ણય કરી લીધો. સ્વસ્થ થઈ એણે કહ્યું.

'ચાલો, મારી પાછળ પાછળ ચાલ્યા આવો!'

આ વૃદ્ધના મુખ ઉપર આવેલા ભાવોને વાંચવા અધિકારીએ પ્રયત્ન કરી જોયો, પણ એમાં એ નિષ્ફળ નીવડ્યો. એટલામાં તો ચણાના છોડવાઓથી લચી પડેલું ખેતર એની નજરે પડ્યું, અને એણે સૈનિકોને હુકમ કર્યો, 'થંભી જાઓ. આ ખેતર ઠીક છે. અહીંથી જ લેવા માંડો. આગળ જવાની જરૂર નથી.'

આ શબ્દો કાનમાં પડતાં જાણે વિચારોની તાણ આવી ન હોય તેમ વૃદ્ધે કહ્યું: 'અહીં નહિ. મહેરબાની કરી થોડા આગળ ચાલો, આનાથી સુંદર અને મોટું ખેતર હું આપને બતાવું, જેની આગળ આ તો કંઈ હિસાબમાં નથી.'

અધિકારીએ કટાક્ષ કર્યો, 'કાં દાદા! અમને પરદેશીઓને બનાવવામાં મઝા પડે છે કે? આગળ ને આગળ લઈ જઈ શું કરવું છે? અમને જોઈતું હતું તે અમને મળી ગયું છે. તમારા માર્ગદર્શનની હવે જરૂર નથી. તમે તમારે રસ્તે પડો.'

ખેડૂતે પોતાની પ્રતાપી સફેદ દાઢી ઉપર હાથ નાખતાં કહ્યું, 'આ ધોળાં આવ્યાં છતાં હું તમારી મશ્કરી કરીશ? મારા વચન પર વિશ્વાસ રાખી આગળ ચાલો. હું આથીયે સુંદર ખેતર બતાવું.'

મધ્યાહ્નના તાપ જેવી એની તેજસ્વી વાંણી સૌને આગળ દોરી ગઈ. થોડે દૂર નહિ ગયા હોય ત્યાં તો ચણાના પાકથી નમી પડતું એક લીલુંછમ ખેતર દેખાયું.

ખેતરના શેઢે ઊભા રહી ખેડૂતે કહ્યું, 'હવે તમારે જોઈએ તેટલા ચણા અહીંથી લેવા માંડો.'

સૈનિકો ઊભા ખેતરમાં પડ્યા. જેમ ફાવે તેમ ખેંચવા લાગ્યા. જોતજોતામાં મોલનો ઢગલો થઇ ગયો. થોડીવાર પહેલાં હસું હસું થતી હરિયાળી ભૂમિ જોતજોતામાં સાવ ઉજ્જડ અને સપાટ બની ગઈ.

વિદાય લેતાં અધિકારીએ પૂછ્યું: 'દાદા! એક વાત પૂછું? પહેલાં અમે જે ખેતર જોયું હતું તે ઠીક હતું, અને નજીક પણ હતું, છતાં ત્યાંનો પાક તમે અમને ન લેવા દીધો, ને અહીં સુધી અમને ખેંચી લાવ્યા એમાં તમારો કંઈ સ્વાર્થ?'

કર્તવ્યભાવથી કરુણ બનેલી આંખ ભૂમિ પર ઢાળતાં ખેડૂતે કહ્યું: 'સ્વાર્થ તો ખરો જ ને! આ લોકનો નહિ તો પરલોકનો. દેહનો નહિ તો આત્માનો. પણ સ્વાર્થ વિના કોઈ પણ, કાંઈ પણ કરી શકે ખરો? પહેલાં જે ખેતર તમે જોયું તે મારું નહોતું, મારા પાડોશીનું હતું. આ ખેતર મારું છે!'

અધિકારી આશ્ચર્યમાં ડૂબી ગયો. એણે કહ્યું: 'શું આ તમારું ખેતર છે? અને તમે અમને અહીં દોરી લાવ્યા?'

'હા' ખેડૂતે કહ્યું, 'તમે માલ મફતમાં લઈ જવાના હો, ત્યારે હું મારા પાડોશીનું ખેતર કેમ બતાવી શકું? સાથે રહીને પાડોશીને લૂંટાવવા કરતાં હું પોતે જ શા માટે ન લૂંટાઉં? મૃત્યુ સમયે કંઈ નહિ તો પાડોશી ધર્મના પાલનની મારા મુખ ઉપર સંતોષની રેખા તો આવશે, અને થશે કે સ્વાર્થાંધ બની મેં પાડોશીને દગો નથી દીધો. વિપત્તિમાં પણ મેં મારો પાડોશી ધર્મ સાચવ્યો, સર્વસ્વ લૂંટાઈ ગયું છતાં નીતિ સલામત રાખી.'

જતાં જતાં અધિકારી વિચારવા લાગ્યો: 'જે ભૂમિમાં એક ગરીબ ખેડૂત પણ આવો અર્પણ ધર્મ સમજે છે, એ ભૂમિ જીતી જિતાશે ખરી?'

★

## કબ્રસ્તાન નથી

**બર્નાડશોને** નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે એમના માનમાં એક પાર્ટી યોજાઈ. સારા ગૃહસ્થોને નિમંત્રણો અપાયાં. પાર્ટીના દિવસે આમંત્રિત સદ્‌ગૃહસ્થોથી હોલ ભરાઈ ગયો. પાર્ટી આપનારાઓને એ ખબર ન હતી કે, બર્નાડશો માનવતાના ઉપાસક એવા શાકાહારી છે.

પાર્ટીની શરૂઆત થઈ પણ શૉ તો શાન્ત બેસી જ રહ્યા. કોઈ પણ વસ્તુને એમણે સ્પર્શ પણ ન કર્યો. એક સજ્જને કહ્યું: 'આપ કેમ કાંઈ લેતા નથી? આપના માનમાં તો આ પાર્ટી છે. આપ ન લો તો શરૂઆત કેમ થાય...?'

શૉએ સાંભળનારના હૈયામાં કોરાઈ જાય એવો અને કદી ન ભુલાય તેવો સાવ ટૂંકો ઉત્તર વાળ્યો:

'હું માણસ છું—મરેલાં જીવોને દાટવા માટેનું કબ્રસ્તાન નથી!



# હિંસા પર વિજય

**ઉનાળાનો** દિવસ છે. જેઠ મહિનાનો તડકો ધરતીને સળગાવી રહ્યો છે. કાંટા ને કાંકરાથી છવાયેલી ધરતી પર એક મહાતેજસ્વી માનવ ચાલ્યો જાય છે. એની આંખોમાં અમૃત છે, મુખ પર ચન્દ્રની સૌમ્યતા છે, હોઠ પર ઉષાનું નિર્મળ સ્મિત છે, શરીર પર સંયમની છાયા છે.

સામેથી એક ગોવાળ ચાલ્યો આવે છે. એ પૂછે છે, 'સંત! આમ ક્યાં ચાલ્યા? આ તો ઉજ્જડ માર્ગ છે. આ માર્ગે તો ક્રૂર પશુ પણ જવાનો વિચાર ન કરે તો તમે ક્યાં ચાલ્યા? અરે, ઊભા તો રહો. આ માર્ગમાં મહા ભયંકર ચંડકોશિયો સર્પ રહે છે, મહાકાળ જેવો નાગ રહે છે.'

પણ આ મહામાનવ તો ચાલ્યા જ જાય છે. બધા જોઈ રહે છે. કોઈ કહે: 'આ તો ધૂની છે, પાગલ છે.' કોઈ કહે છે: 'રે, બહેરો છે, કોઈનું ય સાંભળતો નથી!'

થોડે દૂર એક ઊંચો રાફડો છે. એની આસપાસની ભૂમિ નિર્જન, નીરવ ને નિર્જીવ છે. જ્યાં ભયની ભયંકર હવા વ્યાપી છે, ત્યાં જ મહામાનવ ઊભા રહી જાય છે.

માનવની ગંધ આવતાં રાફડામાંથી એક વિકરાળ નાગ તીરના વેગે બહાર ધસી આવે છે. નાગ વિચારે છે: કેવી આ માનવીની ધૃષ્ટતા છે! મારા દ્વાર ઉપર આવીને ઊભો છે!

નાગ ક્રોધના આવેશમાં આ માનવના ચરણ પર ડંખ મારે છે. સંસારને સળગાવી મૂકે એવું હળાહળ વિષ એ પોતાના ડંખમાંથી ઠાલવે છે. પછી એ દૂર ખસે છે. એને બીક છે કે હમણાં આ માણસ મારા પર ગબડશે!

પણ આ શું? આ માનવીના અંગૂઠામાંથી તો દૂધની ઉજ્જ્વળ ધારા વહે છે! આ તો નવી નવાઈની વાત. કોઈના ય શરીરમાંથી લોહીને બદલે દૂધ નીકળતું દીઠું? પણ હા, સમજાયું. કુમારિકાના શરીરમાં દૂધ ક્યાં હોય છે? પણ એને માતૃત્વ પ્રાપ્ત થતાં, એનું વક્ષસ્થળ દૂધથી છલકાઈ જાય છે; કારણ કે એના હૈયામાં એના શિશુ માટે વાત્સલ્ય જાગ્યું હોય છે. મહાવીર! તારા તો અંગેઅંગમાં જગતના જીવો માટે વાત્સલ્ય ભર્યું છે! એક બાળક માટે વાત્સલ્ય જાગતાં માતાના વક્ષસ્થળમાંથી દૂધ ઝરે તો જગત આખાના પ્રાણીઓ માટે વાત્સલ્ય ધરાવનાર તારા અંગેઅંગમાંથી દૂધધારા કેમ ન વહે...! પણ આ વાત સર્પને કેમ સમજાય! એ તો આશ્ચર્યમાં પડી જાય છે.

ત્યાં રૂપેરી ઘંટડી જેવી વાણી પ્રગટે છે: 'બૂઝ, ચંડકૌશિક, બોધ પામ. તું કોણ હતો? અને આજ કોણ છે? ગત જન્મમાં તું સાધુ હતો, પણ ક્રોધને લીધે તું સાધુ મટી સર્પ થયો. ત્યાગી મટી ભોરિંગ થયો. ભાઈ! આ ક્રોધનું કડવું પરિણામ છે, માટે બોધ પામ!'

ફણા માંડીને બેઠેલો નાગ એમ જ થંભી જાય છે. એ આ તેજોમૂર્તિને જોયા જ કરે છે, જોયા જ કરે છે! એની વાણીમાં અમૃત છે. મુખ ઉપર લાખ લાખ ઉષાનાં તેજ છે. આંખમાં પવિત્ર

પ્રેમ છે. આ મહામાનવના ચિંતનમાં જ નાગને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. પોતે પૂર્વ જન્મમાં સાધુ હતો તે સાંભરી આવે છે, પછી તો એ પ્રભુ મહાવીરના ચરણોમાં માથું ઢાળી દે છે, અને અબોલ સર્પ મનમાં જ પ્રતિજ્ઞા કરે છે :

'આજથી હું મારું માથું દરમાં રાખીશ, શરીરનો ભાગ રાફડાની બહાર રાખીશ અને આવેલી વિપત્તિને સમભાવથી સહન કરીશ.'

હવે સૌ આ માર્ગે આવે છે. નાગદેવને શાંન્ત જોઈ સૌ એમની પૂજા કરે છે. કોઈ એમના પર દૂધ રેડે છે, કોઈ ઘી રેડે છે, એને લીધે કીડીઓ ઊભરાય છે. નાગદેવના શરીરે કાંણેકાણાં પાડી, એનું શરીર ચાળણી જેવું કરી મૂકે છે, છતાં નાગ શાંત રહી વિચારે છે :

'જીવ! આજ સુધી તેં ઘણાને ડંખ માર્યાં, તો તું બીજાના ડંખ પણ સહી લે. તેં બીજાના જીવ લીધા છે, દુઃખ આપ્યું છે, તો આજ તું શા માટે અકળાય છે?' આવા ઊંચા વિચારોમાં સર્પ મૃત્યુ પામી આઠમા દેવલોકમાં જાય છે.

વર્ષો પછી ફરી આ માર્ગ પર લોકોનો પગરવ ચાલુ થયો છે. ઉજ્જડ ધરતી હસી ઊઠી છે. નગરજનો સાથે ગોપાળો વાતો કરતા જાય છે અને રાફડો આવે છે ત્યારે સૌ બોલી ઊઠે છે :

'ધન્ય મહાવીર! ધન્ય નાગદેવ! ધન્ય એ અહિંસાને જેણે હિંસા ઉપર વિજય મેળવ્યો!'

★



# મારું નમન શ્રમણત્વને છે

**મ**હારાજા પ્રિયદર્શી જેટલા પ્રતાપી હતા, એટલા જ એ ભક્ત ને નમ્ર હતા. એટલે માર્ગમાં મળતા શ્રમણ માત્રને એ નમન કરતા. આ રીત અમાત્ય શ્રી યશને ન ગમી. નમ્રતાથી એણે કહ્યું : 'મહારાજ ! આ ભિક્ષુઓમાં તો દરેક જાતિના લોકો હોય, એટલે જેના તેના પગમાં માથું નમાવવું એ આપના ગૌરવને ઉચિત નથી લાગતું. પાત્રને નમન થાય એ જ ગૌરવોચિત ગણાય !'

સમયજ્ઞ મહારાજા મૌન રહ્યા. જાણે આ વાતને સાંભળી જ નથી ! એ યોગ્ય સમયની પ્રતીક્ષા કરી રહ્યા. એક દિવસ ગામમાં કોઈ પુરુષનો શિરચ્છેદ થયો. મહારાજાએ એ માથું મંગાવી લીધું. પછી કસાઈને ત્યાંથી થોડાં ઘેટાં, બકરાંનાં માથાં મંગાવી એમાં આ માણસના માથાને ગોઠવી, શહેરના મુખ્ય દ્વારે અમાત્ય યશને એ વેચવા બેસાડ્યો.

અમાત્યને એ વિચિત્ર કાર્ય ન ગમ્યું, પણ પ્રિયદર્શીની આજ્ઞા અફર હતી.

પશુઓનાં માથાં તો દ્રવ્ય આપી માંસાહારી લોકો ખરીદી ગયા, પણ માણસના માથાને કોઈએ ન લીધું. સાંજ પડતાં એ માથાને મફત આપવા તૈયાર થયો, પણ કોઈએ ન લીધું. કોઈએ

ન લીધું એ તો જાણ્યું, પણ માણસના માથાની વાત આવતાં સૌ ઘૃણા કરી ચાલ્યા ગયા.

'કેમ? બધા માથાં વેચાઈ ગયાં?' પ્રિયદર્શીએ ગંભીર બની પૂછ્યું.

'ના, જાનવરનાં બધાં માથાં વેચાયાં છે, પણ માણસનું માથું તો મફત આપતાં ય કોઈ લેતું નથી.' નમ્રતાથી નમન કરતાં અમાત્યે કહ્યું.

'માણસનું માથું લોકો કેમ લેતા નથી?'

'કારણ કે એનાથી લોકો ઘૃણા પામે છે.'

'આ એક માથાથી ઘૃણા પામે છે, કે ગમે તે માનવીના વઢાયેલા માથાથી લોકોને ઘૃણા છૂટે છે?'

'પ્રભો! ગમે તે માણસનું માથું હોય પણ લોકોને તો ઘૃણા જ છૂટે. માણસનું માથું જ એવું કે મર્યા પછી એ ઘૃણાને પાત્ર!' અમાત્ય મૂંઝાઈ રહ્યો હતો. પ્રશ્નાવલિ ક્યાં લઈ જશે એની કલ્પના એને ધીમે ધીમે આવવા લાગી. એ તો યંત્રની જેમ ઉત્તર જ આપતો હતો.

'ધારો કે મારું માથું કાપીને વેચવાનો પ્રસંગ આવે તો એથી પણ લોકો ઘૃણા પામે? એથી પણ લોકોને કંટાળો આવે? એનો પણ લોકો તો તિરસ્કાર જ કરે ને...?'

આ સાંભળી અમાત્ય કંપી ઊઠ્યો. એના મોં પર સ્વેદબિન્દુઓ જામ્યાં. એ એકદમ ગભરાયો. મૌન રહ્યો.

પ્રિયદર્શીએ કહ્યું: 'હું તને અભય આપું છું. તું સત્ય કહે. મારા માથાથી પણ, લોકો તો ખરીદતી વખતે ઘૃણા જ અનુભવે ને?'

'હા, મહારાજ! આપનું માથું પણ કંટાળાજનક બને. એને ય કોઈ ન ખરીદે!' કંપતાં અમાત્ય થશે કહ્યું.

મૂળ વાત ઉપર આવતાં ને જૂની વાતને સંભારતાં પ્રિયદર્શીએ મિષ્ટ શબ્દોમાં કહ્યું:

'મરી ગયા પછી મારા માથાથી પણ કંટાળો જ આવવાનો હોય, એનાથી પણ લોકો ઘૃણા જ પામવાના હોય, તો જીવતાં આ માથું શ્રમણોનાં ચરણોમાં નમાવું એમાં મારું ગૌરવ શું હણાઈ જવાનું હતું? અને એમાં તને અનુચિત શું લાગતું હતું?

'જાતિ ગમે તે હોય, પણ તે શ્રમણ તો છે ને? મારું નમન જાતિને નથી, પણ એના શ્રમણત્વને છે!'

★

## મૈત્રીનું માધુર્ય

**એક** શાળામાં બે વિદ્યાર્થીઓ સાથે ભણતા હતા. પુષ્પ અને પરિમલ જેવી એમની મૈત્રી હતી. આગળ જતાં બંનેના રાહ જૂદા ફંટાયા; એક ચિન્તક બન્યો, બીજો પ્રધાન બન્યો.

એ પછી વર્ષો વીત્યાં. બંને જુદી જુદી દિશામાં આગળ વધી રહ્યા હતા. એક દિવસ પ્રધાનની પત્ની ચિન્તકને મળવા આવી, એણે કહ્યું: 'તમે તમારા મિત્રને હમણાં મળવા કેમ આવતા નથી?'

ચિન્તકે સહાનુભૂતિ બતાવતાં કહ્યું: 'હમણાં તો મારા મિત્રને ઘણાય મળવા આવે છે. હું એક ન મળું તોય ચાલે. હું તો તેને ત્યારે જ મળીશ જ્યારે એ ચૂંટણીમાં ઊડી ગયો હશે. ઝૂકીને સલામ ભરનારા એને ત્યાં ડોકાતાય નહિ હોય. અને મારા એ મિત્રનું હૈયું નિરાશા અને વ્યથાથી ભારે થયેલું હશે, ત્યારે ઉત્સાહનું ઔષધ અને આશ્વાસનનો મલમપટ્ટો લઈ, એના ઘાને રૂઝવવા હાજર થઈશ.'

મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહલ વધારવામાં નથી, દુઃખનાં આંસુ લૂછવામાં છે!



# અપકારી પર પણ ઉપકાર

**ચૈત્રના** તાપથી ધરતી ધગધગી રહી હતી, અને આમ્રવૃક્ષો પર કેરીઓ ઝૂમી રહી હતી, ત્યારે વનક્રીડાથી વિરમેલા મગધરાજ પોતાના અલ્પ પરિવાર સાથે, એક આમ્રવાટિકામાં વિશ્રાન્તિ લઈ રહ્યા હતા.

એ આમ્રવાટિકા પાસે થઈ એક મુસાફર ઝડપભેર પસાર થઈ રહ્યો હતો, ત્યાં એની નજર એક ઊંચા આમ્રવૃક્ષ પર ગઈ. કેરીઓના ભારથી નમી ગયેલી ડાળીઓ પર પાકેલી સુંદર કેરીઓ જોઈ, એની તૃષ્ણા જાગી. એણે એક પથ્થરનો ઘા કર્યો. ઘા ઝાડને ના વાગ્યો, કેરીનેય ન વાગ્યો; વાગ્યો શ્રેણિકના બરડામાં.

'કોણ છે, આ નરાધમ?' તર્જના કરતા મગધેશ્વરે ગર્જના કરી. જેની સામે આંખ પણ ન ઊંચકાય એને ઘા કરનાર છે કોણ? અંગરક્ષકો દોડ્યા અને થોડી જ પળોમાં થરથર કંપતા પથિકને પકડી શ્રેણિક આગળ હાજર કર્યો. શ્રેણિકની પ્રતાપી આંખો આ કંગાલને જોઈ જ રહી. આ કંગાલની આવી ધૃષ્ટતા?

મગધરાજના ચરણોમાં પડી ધ્રૂજતા મુસાફરે કહ્યું: 'નાથ! ક્ષમા કરો. વાડની આડમાં હું આપને નથી જોઈ શક્યો. મેં ઘા જાણીને નથી કર્યો. મેં ફળ મેળવવા ઘા કર્યો અને તે આપને વાગ્યો.

પ્રભો! ક્ષમા કરો, મને જીવતદાન આપો.'

મગધેશ્વર શ્રેણિક શ્રમણોના પરમ ઉપાસક હતા. એણે ભગવાન મહાવીર પાસેથી સાચી જીવનદૃષ્ટિ મેળવી હતી. સંસારની દરેક વસ્તુને એ વિવેકદૃષ્ટિના ચીપિયાથી પકડતા. એને વિચાર આવ્યો: વૃક્ષ પણ કેવી વિશિષ્ટ સજ્જનતા ધરાવે છે! પોતાને કુહાડાથી કાપનારને પણ એ છાયા આપે છે. ઘા કરનારને પણ એ ફળ આપે છે. અપકારી ઉપર પણ ઉપકાર કરે છે, ત્યારે માનવી આ વૃક્ષથીય બેદ? વૃક્ષનો આવો ઉપકાર ધર્મ અને માનવીને કંઈજ નહિ!

'ધનપાલ! આ પથિકને ભોજન કરાવી એક શત સુવર્ણ આપી મુક્ત કરો.' મગધરાજે ભંડારીને આજ્ઞા કરી.

તેજ પળે મધુર ટહુકો થયો. જાણે મગધેશ્વરની આ સાચી જીવનદૃષ્ટિને આમ્રઘટાની કોકિલા પણ મંજુલ કંઠે વધાવી રહી ન હોય!

માનવી પાસે સમ્યગ દૃષ્ટિ હોય તો તે પ્રત્યેક વસ્તુમાંથી કંઈક ને કંઈક મેળવે જ મેળવે. એને મન કંઈજ નિરર્થક નથી, કંઈજ વ્યર્થ નથી. એને તો સંસાર બોધશાળા લાગે.

✶

## અંતરનું અજવાળું

**પોતાના** બન્ને પુત્રોની વિચક્ષણતાની પરીક્ષા કરવા શાણા પિતાએ બન્નેને એક એક રૂપિયો આપતાં કહ્યું, "આ રૂપિયાની એવી વસ્તુ ખરીદી લાવો કે જેથી ઘર ભરાઈ જાય."

અજાતે રૂપિઆનું સસ્તુ ઘાસ લાવી ઘરમાં પાથર્યું અને ઘર ભરાઈ ગયું.

અભયે મીણબત્તી લાવી, જ્યોત પ્રગટાવી અને જ્યોતના ઉજ્જવળ પ્રકાશથી ઘર ભરાઈ ગયું.

બન્નેએ ઘર ભર્યું, એકે કચરાથી, બીજાએ પ્રકાશથી.



# પારસમણિ

**પ્રેમનો** સંદેશો લઈ, વસંતનું પ્રભાત આકાશના ક્રીડાંગણમાં આવ્યું હતું. ઉષાના મુખ પરથી અંધકારનો બુરખો ઊચકાઈ ગયો હતો. ઉપવનમાં વસંત ઋતુ નૃત્ય કરી રહી હતી; પણ આ નગરના ધર્મવીર શેઠનો દિવસ આજ વસંતનો નહોતો, પાનખરનો હતો. લક્ષ્મીદેવીનાં પૂર આજ ઊલટાં વહેતાં હતાં.

પોતાની હવેલીને ઓટલે બેસી શેઠ દાતણ કરતા કરતા સંપત્તિના આહલાદક પ્રકાશને જોયા પછી, નિર્ધનતાના ઓળાનું પણ સ્વાગત કરી રહ્યા હતા. વિચારતા હતા કે રથના પૈડાના આરાની જેમ સુખ–દુઃખ ઉપર–નીચે થયા જ કરે છે. એમાં શોક કઈ વાતનો!

એ દિવસ બદલાયો, ઘડી પલટાઈ. સંપત્તિની વસંતઋતુ ગઈ અને પાનખરના દિવસો દેખાઈ રહ્યા હતા, એ તો દિવસ પછી રાતની જેમ સ્વાભાવિક જ છે! એમાં મુંઝાવું શાને?

× × ×

સૂર્યાસ્ત થઈ ગયો હતો. પંખીઓ માળામાં સંતાઈ ગયાં હતાં. પૂનમની રાત હતી. ચાંદની સૌ પર અમીધારા વર્ષાવી રહી હતી. એને મન ઉચ્ચ કે નીચ, શ્રીમંત કે ગરીબનો ભેદ નહોતો! આ વરસની ચાંદનીમાં ગરીબોના વાસમાં, દુઃખિયારા ગરીબો ટોળે મળી, પોતાનાં સુખદુઃખની વાતો કરી રહ્યાં હતાં.

'નગરના દાતાઓમાં શ્રેષ્ઠ કોણ?' એ આ અભાગિયાઓની ચર્ચાનો વિષય હતો. એકે કહ્યું: 'અમુક શેઠ તો દાતાનો અવતાર કહેવાય. એને ત્યાં જે જાય તે ખાલી હાથે પાછો ન જ આવે. જમનારા થાકે પણ એ જમાડતાં ન થાકે.'

બીજો કહે: 'ફલાણા શેઠની વાત જ ન થાય. એ તો રાજા કર્ણનો અવતાર છે. આપવા માંડે ત્યારે ખિસ્સામાં હાથ નાખતાં જે આવ્યું તે મુઠ્ઠી ભરીને આપી દે. ગણતરીની વાત જ નહિ. ધન્ય છે એનાં માતાપિતાને!'

ત્રીજો કહે: 'એ સૌ કર્ણના અવતાર! પણ આપણા ગામના ધર્મવીર શેઠ હઠિભાઈ તો પારસમણિ છે. એમને તો લોઢું અડે તોય સોનું થઈ જાય, એવું એમનું દાન–પુણ્ય. એમનાં એક વારના દાનમાં તો બંદાનો બેડો પાર થઈ ગયો. કળજુગમાં એમના જેવા દાતા ન થયા, ન થાશે.'

આ દરિદ્રોના વાસમાં રહેતી સતાર નામની ડોસીના કાનમાં આ છેલ્લા શબ્દો પડ્યા અને એ ચમકી ગઈ. એ દુઃખિયારી હતી, વૃદ્ધા હતી. જુવાનજોધ બે દીકરાઓને એણે સ્મશાનમાં વળાવ્યા હતા. એનો ત્રીજો દીકરો સાધન વિના માંદગીમાં ટળવળતો હતો. પુત્રના માંદલા ને દર્દ ભરેલા ચહેરા સામે અનાથ નજરે જોતી, એ જીવી રહી હતી. આમેય ડોસી ઘણાં વૃદ્ધ હતાં, એમાં આ ઉપરાઉપરી દુઃખના જખમોએ એની વૃદ્ધાવસ્થામાં ઉમેરો કર્યો હતો. હવે તો યાચવા જવા જેટલીય શક્તિ એનામાં રહી ન હતી. પણ આ છેલ્લા શબ્દો સાંભળતાં એના આશાના તંતુ લંબાયા.

ડોસીએ હતી એટલી હિંમત એકત્રિત કરી, ડાબા હાથમાં ટેકા માટે લાકડી લીધી. જમણા હાથમાં એક લોખંડનો ટુકડો લીધો. શ્વાસ લેતી, હાંફતી, ધીમે ધીમે પેલા શેઠની હવેલીએ પહોંચી. વિચાર-નિદ્રામાં ડૂબેલા શેઠના જમણા પગે ડોસી લોખંડનો ટુકડો અડાડવા ગઈ, ત્યાં શેઠ એકદમ ચમકી ગયા:

'અરે ડોસી! આ તું શું કરે છે?' ડોસીની આ વિચિત્ર ચેષ્ટા જોઈ શેઠે કડકાઈથી પૂછ્યું.

'શેઠ! લોકો વાતો કરે છે કે, આપ પારસમણિ છો. આપના સ્પર્શથી તો લોખંડ પણ સોનું થાય. શેઠ! આ સાંભળી, અભાગણિ એવી હું, આનો અખતરો કરવા આવી છું. શેઠ! માફ કરજો, ગરીબ અને ગરજવાનને અક્કલ હોતી નથી. આમાંય હું તો ગરીબ અને ગરજવાન બન્ને છું. એટલે મારામાં તો અક્કલ હોય તોય ચાલી જાય. શેઠ! હું કેવી પાપિણી છું કે હજુ હું જીવું છું. મારા બે દીકરા તો દવા અને દૂધ વિના ટળવળી ટળવળીને મરી ગયા. હવે મારો છેલ્લો દીકરો પણ માંદગીમાં છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. એટલે ચાલવાની તાકાત નહોતી, તોય ધનની આશાથી આપ જેવા મોટા માણસ પાસે ચાલીને આવી છું. લોખંડને સોનું કરવા મેં આપના ચરણે સ્પર્શ કર્યો છે, તો અલ્લાની ખાતર માફ કરો.' શેઠની કડકાઈ જોવા છતાં ધ્રૂજતાં ધ્રૂજતાં ડોશીએ બધું કહી નાખ્યું.

શેઠે ડોશી પર એક શાન્ત નજર નાખી. એનો નિખાલસ ચહેરો, દર્દ ભરેલી આંખો, મુખ પરથી ઝરતો વાત્સલ્યભાવ ને જીવનની વ્યથાને કહેતી એની મૌન વાણી–આ બધું જોતાં જ શેઠનું હૃદય કરુણાથી આર્દ્ર બની ગયું.

એમણે લોખંડનો ટુકડો માગી લીધો ને કહ્યું : 'જાઓ, પેલી પાટ પર બેસો!' ડોસી પાટ પાસે ગઈ પણ ત્યાં બેસવાની હિંમત ન ચાલી. શ્રીમંતની આગળ ગરીબ પાટ પર કેમ બેસી શકે, એ વિચાર એના સ્વભાવગત વિચારોમાંનો એક હતો. એ શાન્ત રીતે ઊભી જ રહી. જૂની નજરે આ નવો તમાસો નીરખી રહી હતી. પરિણામ શું આવશે, એની એને કલ્પના નહોતી. માલ મળશે કે માર, એનો એને પળેપળે વિચાર આવતો હતો. એક પળમાં એને પોતાની આ મૂર્ખાઈ માટે ગુસ્સો આવતો, તો બીજી પળમાં શેઠની મીઠી વાણી

યાદ આવતાં કંઈક મળવાની લાલચ જાગતી. આશા ને નિરાશાના ઝૂલે એ ડોસી ઝૂલી રહી હતી.

શેઠે મહેતાને બોલાવ્યો. ટુકડો તોળ્યો તો પૂરો પચીસ તોલાનો !

શેઠને વિચાર આવ્યો : 'ધન હતું ત્યારે તો આપ્યું પણ એમાં નવું શું કર્યું ? લોટો પાણીથી ભરાઈ ગયો હોય અને અંદર સમાતું ન હોય ત્યારે તો વધારાનું પાણી સૌ કાઢી નાખે. એને શું દાન કહેવાય ? પણ પોતાના પીવાના પાણીમાંથી તરસ્યાને જે થોડું ઘણું આપે, એ જ મહત્ત્વનું. એનું નામ દાન !'

શેઠના મોં પર હાસ્યનું એક કિરણ ચમક્યું. એમને મેઘ અને નદી સાંભરી આવ્યાં. હોય ત્યારે તો મેઘ ને નદી બંને જગતને પાણી આપે, પણ ન હોય ત્યારે તો નદી જ આપે. આકાશમાં વાદળ ન હોય ને વર્ષા થાય એવું કદી બનતું નથી, પણ નદી સુકાઈ ગઈ હોય છતાં, ત્યાં ખોદો તો અલ્પ પણ પાણી મળે જ મળે. ડોસી પણ આજ ઉનાળામાં અહીં નદી જાણીને આવી છે. એને તૃષાતુર પાછી કાઢું એ મને ન શોભે! 'અલ્પમાંથી પણ અલ્પ આપજે' –આ પ્રભુ મહાવીરનો દાનઘોષ રોજ શ્રવણ કરનારના ઘરથી આવેલ વ્યક્તિ ખાલી હાથે જાય? ના, ના. એ કદી ન બને, એથી તો ધર્મી ને ધર્મ બન્ને લાજે.

શેઠે મહેતાને હુકમ કર્યો. અને પચીસ તોલા સોનું ડોસીના હાથમાં મુકાઈ ગયું.

સોનાની લગડીઓ પોતાના જર્જરિત સાડલાના છેડે બાંધી, પોતાના ઘર ભણી જતી સતાર ડોસી આંખમાંથી હર્ષનાં આંસુ વહાવતી કંઈક ધીમું ધીમું બબડતી હતી : 'અલ્લા આમને બરકત બક્ષે. લોકો કહે છે તે જરાય ખોટું નથી. ખરેખર, શેઠ પારસમણિ છે!'

લોકો વાતો કરે છે. આ બનાવ પછી થોડા જ મહિનાઓમાં શેઠની સંપત્તિનો સૂર્ય, ફરી લાખ લાખ કિરણોથી પ્રકાશી ઊઠ્યો.

★

## પ્રકાશ ને અંધકાર

એક માણસને એક સ્વપ્ન આવ્યું. કેવું વિચિત્ર એ સ્વપ્ન! જોનાર પોતે જ આશ્ચર્યમાં ડૂબી ગયો.

એક જ નગરમાં રહેતાં સાધુ અને વેશ્યા બન્ને એક જ અઠવાડિયામાં મૃત્યુ પામ્યાં. વેશ્યા સ્વર્ગે ગઈ. સાધુ નર્કે ગયા. વેશ્યા ઊંચે ચડી, સાધુ નીચે પડ્યા.

ઝબકીને જાગેલો માણસ આ સ્વપ્નનું રહસ્ય જાણવા એક જીવનદ્રષ્ટા પાસે પહોંચ્યો. જીવનદ્રષ્ટાએ કહ્યું 'વાત બરાબર છે. વેશ્યા પોતાના અધોગામી જીવનને વારંવાર નિંદતી હતી, અને પોતાનું જીવન ધીમે ધીમે સુધારતી હતી અને સાધુના ચારિત્ર્યની હૈયાથી પ્રશંસા કરતી હતી; જ્યારે સાધુ પોતાના ચારિત્ર્યનો મનમાં મિથ્યા ઘમંડ રાખતા હતા, અને આ વેશ્યાનો તિરસ્કાર કરી, આખો દિવસ એની જ નિંદામાં રચ્યાપચ્યા રહેતા હતા.

'વેશ્યાની આંખમાં ગુણ હતો–પોતાની નિંદા અને બીજાની પ્રશંસા, સાધુની આંખમાં દોષ હતો–પોતાની પ્રશંસા અને બીજાની નિંદા.

'એ કારણે વેશ્યાને પ્રકાશ લાધ્યો, અને સાધુને અંધકાર.'

# રક્ષાને કાજે

**મહાગુરુના** મુખમાંથી વાણીનો પ્રવાહ નાયગ્રાના ધોધની જેમ માલકોશ રાગમાં વહી રહ્યો હતો. એની સુમધુર શીતળતામાં દેવ માનવો પોતાના હૈયાના તાપને શમાવી રહ્યા હતા. પ્રભુએ અર્પણનો મહિમા ઉચ્ચારતાં કહ્યું :

'સરિતા, જળથી તરસ્યાની તૃષા છીપાવે છે. વૃક્ષો ફળ અને છાયાથી, ભૂખ્યાની ક્ષુધા મટાડી શાંતિ આપે છે. ચંદન ઘસાઈને અશાન્તને શાંત કરે છે, શેરડી પીલાઈને પણ મીઠો રસ આપે છે, તો અવસરે માનવી પણ આવું કંઈ અર્પણ ન કરી શકે? માનવી મહાન છે, તો એનું અપર્ણ પણ મહાન હોવું ઘટે.'

કપિલવસ્તુના મહાનામનું હૈયું આ શબ્દો કોરી ભૂમિમાં પાણી પડતાં જેમ પી જાય તેમ પી ગયું. અપર્ણના આ ઉપદેશને વારંવાર સંભારતા મહાનામ પોતાના નગરમાં પહોંચ્યા ત્યારે એને સમાચાર મળ્યા કે શ્રાવસ્તીના રાજા વિડૂડભે કપિલવસ્તુ પર ચઢાઈ કરી છે. એના ક્રોધમાંથી કોઈ બચી શકે તેમ નથી. ભયંકર સંહાર મંડાવાને ઘડી બે ઘડીની વાર છે. આ સાંભળી શાંતિપ્રિય મહાનામનું હૃદય કકળી ઊઠ્યું.

વૈભવમાં ઉન્મત્ત બનેલા રાજાઓને આ શું સૂઝ્યું છે? આજ આ નગર પર ત્રાટકે તો કાલે પેલા નગર પર ત્રાટકે? એક હારે, બીજો જીતે, પણ આ નિર્દોષ પ્રજાજનોનો નાશ થઈ રહ્યો છે, એનો

વિચાર આ સત્તા–અંધોને કેમ નથી આવતો? રાજાઓની ક્ષણિક ઈચ્છાઓ ખાતર પ્રજાનો કેટલો ભોગ!

એમની વિચારધારા આગળ વધે તે પહેલાં તો સમાચાર મળ્યા કે કપિલવસ્તુનો અગ્રણી ભયાકુલ બની ભાગી ગયો છે. મહાનામથી બોલાઈ ગયું, 'ધિક્કાર છે, તારા પૌરુષને. પ્રજાને નિરાધાર મૂકી અન્તે ભાગ્યો! રે, કાયરો તે વળી રાજ્ય કરી શકતા હશે?'

વિજયી વિડૂડભે કિલ્લો તોડી નગરમાં પ્રવેશ કરી, આજ્ઞા કરી: "સૈનિકો! આજ વિશ્વાસઘાત અને અપમાનનું વેર લેવાનું છે. સંપત્તિ લૂંટાય એટલી લૂંટો, લૂંટતાં જરાય ન ગભરાશો. સામે થાય તેને હણી નાખો. આજ તો લૂંટની ઉજાણી છે."

અર્પણના ગીતમાં મત્ત બનેલો મહાનામ પણ આ પળે મૂંઝાઈ ગયો. પૌરજનોની લૂંટ એની આંખો જોઈ ન શકી. લોકોનો આર્તનાદ એના કાન સાંભળી ન શકયા. વેદનાથી વ્યથિત એના આત્માને એક વાત સાંભરી આવી, અને એ, વિજયી રાજા પાસે પહોંચી ગયો.

'રાજન્! મને ઓળખો છો?' રાજાના અનુચરોએ આપેલા આસન પર બેસતાં મહાનામે પૂછ્યું.

'મહાનામ! આપને કોણ ન ઓળખે? જ્ઞાનથી, શીલથી, સંસ્કારથી ને સભ્યતાથી આપ નગરના નાગરિકોમાં શ્રેષ્ઠ અને જ્યેષ્ઠ છો! અને એટલે જ તો આપને પૌરજનો પણ મહાનામ કહી સત્કારે છે!'

મહાનામના સદ્‌ગુણો પ્રત્યે કપિલવસ્તુના પ્રજાજનોને જેમ માન હતું, તેમ રાજા વિડૂડભના હૈયામાં પણ માન હતું.

'એમ નહિ રાજન્! એમ નહિ. આ રીતે ઓળખાણ કાઢી કંઈ લાભની આશાએ આવ્યો નથી. હું તો પૂછું કે તમારે ને મારે કંઈકિ સંબંધ ખરો કે?' સંબંધ શબ્દ પર ખાસ ભાર મૂકતાં, મહાનામની અભય આંખોએ પ્રશ્ન કર્યો.

ભરાવદાર મુખ, દૂધ જેવી ધોળી દાઢી, જળથી ભરેલા સરોવર જેવી કરુણાપૂર્ણ આંખો અને સંયમથી સશક્ત દેહ—આ સૌ મહાનામની પ્રતિભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં હતાં.

આ પ્રતિભાશાળી વિભૂતિના શબ્દો પર રાજા વિચાર કરી રહ્યો હતો. એનો આત્મા ભૂતકાળના સાગરને તરતો તરતો બાલ્યકાળના કિનારે જઈ પહોંચ્યો :

શ્રાવસ્તીના રાજા પ્રસેનદિને કપિલવસ્તુ પાસે કન્યા માંગી હતી. અભિમાની નાગરિકોએ ના પાડેલી. આથી વાતાવરણ યુદ્ધમાં ફેરવાઈ જાત, પણ આ મહાનામે પોતાની દાસીપુત્રીને આપી પ્રસેનદિનને શાન્ત કર્યો! એ દાસીપુત્રીનો પુત્ર વિડૂડભ! પણ આ કાવતરાએ પોતાને જે કલંક લગાડ્યું, તેનો આજ એ બદલો લેવા માગતો હતો. મહાનામ એનો દાદો!

વળી પોતે નાનપણમાં અહીં મોસાળે આવ્યો, ત્યારે આ દાદા પાસે એક વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરેલો : એટલે એ રીતે એ વિદ્યાગુરુ પણ ખરો!

એક નહિ, બે સંબંધ! દાદો ને ગુરુ!

વડવાનલ જેવો વિડૂડભ પળવાર ઢીલો પડ્યો. એનાથી બોલાઈ ગયું. 'દાદા! ગુરુદેવ!'

'રાજન્, હું તને એ જ વાત યાદ આપવા આવ્યો છું. વિદ્યાભ્યાસ કર્યા પછી વિદાય વેળાએ તેં મને ગુરુદક્ષિણા માટે આગ્રહ કર્યો હતો, તે યાદ છે? અને મેં કહ્યું હતું, દક્ષિણા મારી થાપણ તરીકે રાખી મૂકજે. અવસર આવ્યે માગી લઈશ.'

'હા, હું સમજ્યો. આપ નહિ માંગો તોય હું મારો ધર્મ સમજું છું. આપ અભય છો. આપને કોઈ નહિ સ્પર્શે.'

રાજાએ તરત સેનાપતિને આજ્ઞા કરી: 'જાઓ, શીઘ્ર જાઓ.

લૂંટ કરતા સૈનિકો મહાનામના ઘેર પહોંચી ન જાય. એ મારી પાસે ગુરુદક્ષિણા માગવા આવ્યા છે. મારો શિષ્ય તરીકેનો ધર્મ છે કે એમનું ગૃહઅભય અને સુરક્ષિત રહેવું જોઈએ. આ કપિલ વસ્તુ પર મારું પ્રાચીન વેર છે. એમના અભિમાનના ચૂરેચૂરા કરવાનો અવસર આજ ઘણા વર્ષે આવ્યો છે. પણ એ વેરના અગ્નિમાં આ મહા-નામનું ગૃહ હોમાઈ ન જાય તે બરાબર ધ્યાનમાં રાખજો.'

કરુણા ભર્યો હાથ ઊંચો કરતાં મહાનામે કહ્યું : 'ઊભા રહો! હું એવો સ્વાર્થી નથી કે મારી જાતની જ રક્ષા માગું, હું તો આખી નગરી માટે અભય માગું છું.'

'ગુરુદેવ, આવો આગ્રહ ન કરો. જે આગમાં હું બળી રહ્યો છું, તે આગ હજારો ઉપદેશોની વૃષ્ટિથી પણ શમે તેમ નથી. એ સર્વસ્વને બાળીને જ જંપશે!'

વિડૂડભ ભૂકંપની જેમ ગર્જ્યો.

'મારે ખાતર માની જા! આ કત્લેઆમ મારાથી જોવાતી નથી. ખમૈયા કર ભાઈ!'

'આજ તો આગલી પાછલી બધી વાતોનું સાટુ વાળવું છે. હા, પણ એક વાત કરું. બાલ્યકાળમાં જોયેલી તમારી જળક્રીડા મને યાદ આવે છે, તો તમે આ તળાવમાં જેટલી વાર ડૂબકી મારીને રહો, તેટલી વાર કત્લેઆમ બંધ કરું. જેઓ નાસી જવા માગતા હોય તેમને નાસવા દઉં!'

'સારું, એટલું તો એટલું કર! જેટલો રક્તપાત ઓછો થાય, તેટલું સારું.' મહાનામે કહ્યું.

મહાનામની વૃદ્ધ આંખમાં કોઈ ભવ્ય સ્મૃતિનું તેજ ચમક્યું. એમની સ્મૃતિના પડદા પર સંત–વાણીના અક્ષરો તેજોમય બની ઉપસવા લાગ્યાં. એ યાદ કરવા લાગ્યા : 'સરિતા, જળથી તરસ્યાની

તૃષા છીપાવે છે. વૃક્ષો ફળ અને છાયાથી ભૂખ્યાની ક્ષુધા મટાડી, શીતળતા આપે છે, ચંદન ઘસાઈને અશાંતને શાંત કરે છે, શેરડી પિલાઈને પણ મીઠો રસ આપે છે. તો અવસરે શું માનવી આવું કંઈ અર્પણ ન કરી શકે?' મહાગુરુના આ અર્પણ ગીતને મારે મારા જીવનની બાંસુરીમાંથી પ્રગટાવવું ઘટે. ખરેખર કસોટીની આ પળ આવી છે, તો હું મારા જીવન દ્વારા એને સાર્થક કરું.

મહાનામે કહ્યું : 'જેવી તમારી ઇચ્છા!'

વિડૂડભ વિચારવા લાગ્યો : 'આ વૃદ્ધ માણસ શ્વાસોશ્વાસ રોકી રોકીનેય કેટલી વાર રોકશે? ક્ષણ, બે ક્ષણ, દશ ક્ષણ! એટલી વારમાં પૌરજનો કેટલે ભાગી જવાના હતા! કેટલું લઈ જવાના હતા! ગુરુનું વચન પળાશે, અને મારા વેરની તૃપ્તિ પણ થશે.'

મહાનામ તળાવ પાસે આવ્યા. પૌરજનો ભયગ્રસ્ત હતા, છતાં પણ આ દૃશ્ય જોવા સૌ થંભી ગયા; કારણ કે મહાનામમાં સૌને રસ હતો, શ્રદ્ધા હતી. આમ નગરમાં જ્યારે ઘોષણા થઈ રહી હતી કે 'જ્યાં સુધી મહાનામ જળમાં ડૂબકી મારીને રહેશે ત્યાં સુધી સૌને અભય છે.' ત્યારે મહાનામ તળાવમાં ડૂબકી મારી ગયા હતા, ને મધ્યમાં રહેલા કીર્તિસ્થંભ સાથે પોતાની કાયાને ઉત્તરીયથી બાંધી જળસમાધિ લઈ રહ્યા હતા.

મહાનામના હૈયામાં વાત્સલ્ય હતું. માનવો માટે કરુણા હતી, સૌના કલ્યાણની તીવ્ર ઝંખના હતી, અને નગરજનોની રક્ષા, પ્રાણ આપતાંય થતી હોય તો, પ્રાણ આપવાની અર્પણભાવના પણ હતી. એટલે એમણે પાણીમાં પોતાની જાતને સદાને માટે પધરાવી દીધી!

ક્ષણ, બે ક્ષણ...કલાક...બે કલાક થઈ ગયા, પણ મહાનામ જળસપાટી પર ન આવ્યા...તે ન જ આવ્યા. વિજયી વિડૂડભ અને લૂંટની કામનાવાળા સૈનિકો પ્રતીક્ષા કરી થાક્યા, પણ ઉપર ન આવ્યા.

વિડૂડભ ચતુર હતો. એ આ કરુણ ઘટનાનો મર્મ સમજી ગયો. એના પર જાણે વિદ્યુત્પાત થયો હોય તેમ તે ઘા ખાઈ ગયો. એનો વૈરાગ્નિ એકદમ શમી ગયો. શું દાદાએ પૌરજનોની રક્ષા કાજે પોતાની કાયાનું બલિદાન આપ્યું!

આ વાત સાંભળી કપિલવસ્તુના યુવાન અને યુવતીઓ દોડી આવ્યાં. પાણીમાં સ્થંભ સાથે બંધાયેલા એ પુણ્ય દેહને બહાર કાઢ્યો, ત્યારે પાણીથી પ્રફુલ્લ બનેલો મહાનામનો ઉજ્જવળ દેહ જાણે સૌને કહી રહ્યો હતો: 'દેહનું મૂલ્ય આનાથી વધારે કંઈ હોઈ શકે ખરું કે?'

નગરના પૌરજનો મહાનામને આંસુની અંજલિ આપી રહ્યા હતા, કારણ કે નગરીએ એક એવો મહામાનવ ખોયો હતો, જેણે પોતાનું જીવન અર્પીને કપિલવસ્તુનાં પ્રજાજનોને જીવન આપ્યું હતું!

★



# એ બધા દલાલનાં તોફાન

**પાલિતાણામાં** આગમમંદિરની અંજનશલાકા ને પ્રતિષ્ઠા ભવ્ય રીતે કરાવી, પૂજ્ય આચાર્ય મહારાજ સાથે વિહાર કરી, અમે કપડવંજ આવ્યા. કપડવંજ ઘણું જ શ્રદ્ધાળુ ને ભક્તિથી વિનમ્ર. કદી ન ભૂલાય એવો અહીંના યુવાનોનો ઉત્સાહ અને પ્રેમ. એમણે ઘણા જ આનન્દ અને ઉમંગથી પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું.

આ દિવસોમાં, પૂજ્ય આગમોદ્ધારક આચાર્યશ્રી આનન્દ-સાગરસૂરીશ્વરજી મહારાજની તબિયત નરમ રહેતી હતી. વૈદ્યો તરફથી માત્ર પ્રવાહી પદાર્થો લેવાનું સૂચન મળ્યું હતું, એટલે બપોરે તેઓશ્રી ઘણું કરીને ચા જ લેતા. આથી બપોરે એક ગૃહસ્થને ત્યાં હું ચા લેવા ગયો.

ઘરનાં માણસો કોઈક લગ્નપ્રસંગમાં જવાની ઉત્સુકતામાં હતાં. હું ચા વહોરી જલદી આવતો રહ્યો. ચા મહારાજશ્રીને આપ્યો ને તેઓ વાપરી ગયા.

આ વાતને દશ મિનિટ પણ પૂરી ન થઈ, ત્યાં ઉતાવળે પગે એક બહેન આવ્યાં. આવીને એ તો કાકલૂદિ કરવા લાગ્યાં, માફી માગવા લાગ્યાં, પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યાં!

બહેનની આ વ્યગ્રતા જોઈ હું દિગ્મૂઢ બની ગયો. મેં પૂછ્યું : 'બહેન! શું છે? આ ધમાલ શું ને માફી શાની?'

'કેમ સાહેબ! આપને ખબર નથી. ચામાં ખાંડને બદલે મીઠું નંખાઈ ગયું છે તે?' એમણે જરા ધીરાં બની, વાતનો ઘટસ્ફોટ કર્યો.

આ સાંભળી મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

બહેને તો કહેવાનું ચાલુ જ રાખ્યું : "સાહેબ! મારે નિકટના એક સંબંધીના લગ્નમાં જવાનું હતું. મારું મન એમાં ગૂંથાયેલું હતું. ધૂનમાં ને ધૂનમાં ખાંડની બરણીને બદલે મીઠાની બરણી મારા હાથમાં આવી ગઈ ને આવી ભયંકર ભૂલ મારાથી થઈ ગઈ. આ તો અમે ચા પીધો ત્યારે અમને ખબર પડી."

બહેન બોલતી હતી ત્યારે પણ મને તો એક જ વિચાર આવતો હતો. આચાર્ય મહારાજશ્રીના સ્વાદવિજયનો ને ગંભીરતાનો! બહેન કહે છે કે ચામાં મીઠું પડ્યું છે, પણ પૂજ્યશ્રીએ તો એનું સૂચન પણ અમને ન કર્યું. સૂચન ન કર્યું એ તો ઠીક, પણ એમના પ્રશાન્ત મુખ પર આવી ખારી ચા વાપરવા છતાં એ જ સ્વસ્થતા હતી.

બહેનને સાન્ત્વન આપી હું આચાર્યશ્રી પાસે ગયો. મેં કહ્યું : 'સાહેબ! ચામાં ખાંડને બદલે મીઠું નાંખેલું હતું, છતાં આપશ્રીએ કંઈ કહ્યું પણ નહિ!'

ગુલાબી હાસ્ય કરી એમણે કહ્યું : 'રોજ ગળ્યો ચા, તો કોક દિવસ ખારો પણ હોય ને? આનાથી પેટ સાફ આવશે. નુકશાન શું થવાનું છે? અને ખરું પૂછો તો ખારું ને મીઠું તો (જીભનું ટેરવું બતાવતાં એમણે કહ્યું) આ જીભલડીને લાગે છે. પેટમાં તો બન્ને સરખાં જ છે. માલ ખરીદનાર વેપારી કરતાંય દલાલનું તોફાન વધારે હોય છે. પેટ માલ ખરીદનાર વેપારી છે. જીભ તો વચ્ચે દલાલ છે, એ જ વધારે તોફાની છે. એ તોફાનીના પંજામાં ફસાઈએ નહિ, ને એને જ કાબૂમાં રાખી લઈએ, એનું નામ જ સંયમ!'

આ વચન સાંભળી મારાં નયનો એમને નમ્યાં.

★



# રૂપનો ગર્વ

**સૌં**દર્યના ભારથી લચી પડેલી ઉષા સામે આંગળી ચીંધી ઇન્દ્રરાજે દેવોને કહ્યું : "આનું રૂપ તમને રંભા અને રતિ કરતાં પણ વધારે લાગતું હશે. ઉષાના સૌન્દર્યમાં ફૂલની નાજુકતા અને કમળના સોહામણા રંગો દેખાતા હશે, પણ સનતરાજના માર્દવભર્યાં અપ્રતિમ સૌન્દર્ય આગળ આ સૌન્દર્યને સરખાવીએ તો વાણી પણ કલંકિત થાય. સનત એટલે રૂપનો રાશિ; એનો દેહ એટલે પૂનમનો ચાંદ; એની આંખો એટલે કમળની પાંખડીઓ. એ રૂપાળા માનવદેહ આગળ દેવોની કાયા પણ કદરૂપી લાગે! સનત ભારતવર્ષનો ચક્રવર્તી છે, પણ હું તો કહું છું કે એ સૌન્દર્યમાં તો ત્રિભુવનવિજયી ચક્રવર્તી છે."

આ સાંભળી દેવો મનમાં વિચારી રહ્યા : 'મોટા માણસો પ્રશંસા કરવા બેસે એટલે એની મર્યાદા જ નહિ. એ કાગને વાઘ કહે તોય લોકો એની વાતમાં સંમતિ આપે. પણ આપણે તો દેવ! આપણું હૃદય અસત્યનો સત્કાર કેમ કરે?'

અને વિજય અને વૈજયંત–બન્ને મિત્રો આ વાતનું સત્ય જાણવા વિપ્રના વેશે હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા. તે વખતે ચક્રવર્તી સ્નાનાગારમાં સુરભિમિશ્રિત તેલથી અંગમર્દન કરાવી રહ્યા હતા, દ્વારપાળે આવીને કહ્યું :

"પ્રભો! આપના દર્શને દૂર દૂરથી કોઈ બે પ્રતાપી વિપ્રો આવેલા છે અને તેઓ કહે છે કે મહારાજાના દર્શન કર્યાં પછી જ

મોંમાં પાણી નાંખીશું. મેં તેમને વાર્યા, પણ કહે છે કે અમારે તો હમણાં જ દર્શન કરવા છે. તો આવવા દઉં ?'

રાજાના પારિજાતક જેવા કોમળ ઓષ્ઠ પર આછું સ્મિત સ્ફૂર્યું, અને પવનના નાજુક સ્પર્શથી જેમ છોડ ઉપર રહેલું ફૂલ નમે તેમ તેમનું માથું જરાક નમ્યું.

બન્ને વિપ્રો તરત ત્યાં હાજર થયા. સનતરાજનું રૂપ જોતાં જ એ થીજી ગયા. આહ ! આ રૂપનો સાગર ! રે, આ તે માનવ કે સૌંદર્યનો પિંડ ! જેના રોમરોમમાંથી લાવણ્ય નીતરી રહ્યું છે. અને જેના સોનેરી ઝૂલ્ફા ચંપાના ફૂલનો ઉપહાસ કરી રહ્યાં છે, એવા આ માનવરાજનાં અંગો તો ઇંદ્રે કરેલાં વખાણ કરતાં લક્ષગણાં અધિક સુંદર છે.'

આવેલા પ્રવાસીઓને વિચારમગ્ન જોઈ સનતે પૂછ્યું : "વિપ્રવર ! શું વિચારો છો ?"

આ શબ્દનો મીઠો રણકો સાંભળી દેવે કહ્યું. "મહારાજ ! આપના રૂપનો વિચાર કરીએ છીએ. આ રૂપ તો દેવોને પણ દુર્લભ છે !"

પોતાની પ્રશંસા સાંભળી ચક્રવર્તીની પાટલા જેવી વિશાળ છાતી ફૂલી. એના મુખ ઉપર લોહી ધસી આવ્યું અને લાલ કમળ જેવો રંગ એના વદન પર પ્રસરી રહ્યો : 'રૂપ ? રૂપ તો સ્નાનગૃહમાં જોવાતું ન હોય. વિપ્ર ! રૂપ તો રાજસભામાં જોજો.'

વિપ્રોએ નમન કરી વિદાય લીધી અને મધ્યાન્હે રાજસભામાં હાજર થયા.

સનત રત્નની મૂઠવાળા સોનાના સિંહાસન ઉપર બેઠા હતા. ચિનાંશુકથી એનો દેહ મઢેલો હતો; ગળામાં હાર, આંગળીઓ પર

રત્નજડિત વીંટીઓ હતી, માથા ઉપર સૂર્ય-કિરણોની સ્પર્ધા કરતો હીરા જડ્યો મુકુટ હતો. પ્રવાલ જેવા ઓષ્ઠ પર મધુર સ્મિત હતું.

રૂપના ગર્વથી મસ્તક ઊંચું કરીને સનતરાજે વિપ્રોને પૂછ્યું : "કેમ ? સૌન્દર્ય-દર્શન પ્રામ્યા ને ?" વિવેકી વિપ્રોએ માથું નકારમાં ધુણાવતાં કહ્યું : "મહારાજ ! સૌન્દર્યની ઘડી તો વીતી ગઈ. અત્યારે તો આપના સૌન્દર્યને કોરી ખાનારા કોટિ કોટિ ઝેરી જંતુઓ આપના દેહના અણુએ અણુમાં વ્યાપી ગયા છે ! એનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે આપ થૂંકી જુઓ. પછી રાજભિષગ પાસે પરીક્ષા કરાવો. આપના થૂંકમાં સહસ્ત્ર રોગજંતુઓ ખદબદતા જણાશે."

ઓહ ! શું મારું શરીર રોગનું મંદિર ! આટલી વારમાં રોગ વ્યાપી ગયો ? ક્ષણવારમાં નષ્ટભ્રષ્ટ થનારા આ સૌંદર્યનો ગર્વ કેવો વ્યર્થ છે ! સનતરાજના અભિમાનનું વાદળ વિખરાઈ ગયું. સનતરાજનો વિલાસ શોકમાં ફેરવાઈ ગયો. એમનો દેહમદ-રૂપમદ ગળી ગયો. એ વિચારી રહ્યા : રે ! જે રૂપથી હું ગર્વિત હતો, એ રૂપમાં તો કુરૂપતા સમાયેલી છે ! દેહના રૂપ ઉપર ગર્વ કરનાર મારા જેવો ગમાર જગતમાં બીજો કોણ ? દેહના રૂપમાં લીન બની હું આત્માના રૂપને ભૂલી ગયો. માણસનો જ્યારે વિનાશ આવવાનો હોય છે, ત્યારે જ એને રૂપનો ગર્વ આવે છે. બસ ! મારે આ નશ્વર દેહની મમતા ન જોઈએ. દેહને ડૂલ કરીને પણ આત્માના અમર સૌન્દર્યને શોધું.

કર્મે શૂરા એ ધર્મે શૂરા. ભર્યું રાજ્ય ને ભર્યાં વૈભવને છોડી એ જ પળે સનતકુમાર ચક્રવર્તિ જંગલની વાટે ચાલી નીકળ્યા.

ગિરિ અને ગુફામાં, ખીણ અને ખાણમાં એ ફરે છે. એમની ફૂલ જેવી કોમળ પગની પાનીમાંથી લોહીની ટશરો ફૂટી છે. પણ એની એમને પરવા નથી. તડકામાં એ તપે છે. શિયાળામાં એ ઠરે છે. અને ઊની-ઊની લૂમાં એમનો દેહ શેકાય છે. પણ સનત તો દેહને ભૂલી ગયા છે: આત્મસૌન્દર્યની ખોજમાં ઊંડા ઊતરી ગયા છે.

એ વાત પર પાંચ પાંચ વસંત ઋતુઓ વીતી ગઈ. તપસ્વી સનત એક વૃક્ષ નીચે ધ્યાનમગ્ન બેઠા છે. હરણાંઓ આંખ ઢાળીને એમની પડખે બેઠાં છે. દૂર દૂર ઊભેલો ક્રૂર સિંહ પણ સનતની સમતામાં સ્નાન કરી રહ્યો છે. વાતાવરણમાં મૈત્રીનું, પ્રેમનું, વાત્સલ્યનું તેજ વિસ્તરેલું છે. ત્યાં પેલા બન્ને દેવો વૈદ્યના રૂપે હાજર થયા. નમન કરી કહ્યું: 'મહારાજ! અમે બે ધન્વંતરી વૈદ્યો છીએ. અમારા ઔષધના સેવનથી આપના રોગ તત્કાળ મટી જશે. અમારું ઔષધ સ્વીકારો.'

સનતકુમારની કરુણાભીની આંખો જરા પહોળી થઈ. એમણે જમણા હાથની આંગળી પોતાના ડાબા હાથ પર ફેરવી, અને જોત-જોતામાં એટલા ભાગની એ ચામડી સુંવાળી સુવર્ણવર્ણી થઈ ગઈ.

સનતે કહ્યું: 'વિપ્રો! શરીરના રોગને મટાડવાની શક્તિ તો મારામાં આવી ગઈ છે, એટલે મારે એની જરૂર નથી. મારે તો અંતરનો રોગ મટાડે એવું ઔષધ જોઈએ છે. બહારના રૂપને શું કરવું છે? એ રૂપ તો કુરૂપતામાં પણ ફેરવાઈ જાય. મારે તો આત્મનું રૂપ જોઈએ છે, કે જે પામ્યા પછી કદી કુરૂપતા ન આવે."

તપસ્વી સનતની આ સાધનાને ચરણે મસ્તક નમાવી વૈદ્યના વેષે આવેલા દેવો તેજના વર્તુલમાં વિલીન થયા.

★

રાજગૃહીના ઉદ્યાનમાં શ્રેણિકને ભગવાન શ્રી મહાવીરે કહ્યું: 'શ્રેણિક! માનવી જ્યારે કોઈ પણ વસ્તુનો ગર્વ કરે છે, ત્યારે તે વસ્તુનો વિનિપાત થાય છે. અને વિનિપાત થવાનો હોય છે, ત્યારે માનવીને ગર્વ કરવાનું મન થાય છે. સનતના રૂપનો નાશ થવાનો હતો ત્યારે તેના મનમાં ગર્વ આવ્યો, અને જ્યારે એ ગર્વ ગળી ગયો ત્યારે તેનું સાચું રૂપ ખીલી ઊઠ્યું.'

# અર્પણ

**ફ્રાન્સના** માર્સેલ્સ શહેરમાં ઈ. સ. ૧૭૨૦ માં એકાએક મરકીનો રોગ ફાટી નીકળ્યો. માણસો માખીની જેમ મરવા લાગ્યાં. સ્મશાનમાં મડદાઓના ઢગ ખડકાવા લાગ્યા. માણસો રોજ એટલા મરે કે એને બાળનાર કે દાટનાર પણ ન મળે. આખો પ્રાંત મૃત્યુના મહાભયથી ધ્રૂજી ઊઠ્યો. ડૉકટરોના બાહ્ય ઉપચારો બધા નિષ્ફળ ગયા. ઘણી વાર તો ડૉકટર દવા આપવા જાય કે તપાસવા જાય તો એ પોતે જ રોગનો ભોગ થઈ મૃત્યુશરણ થાય. મૃત્યુ, મૃત્યુ ને મૃત્યુ. મૃત્યુ વિના બીજી વાત નહિ!

આ રોગના નિદાન માટે પ્રખ્યાત ડૉકટરોની એક સભા મળી. વિચારોની આપ–લે થઈ. સૌ એક નિર્ણય પર આવ્યા: 'આ રોગ સામાન્ય ઉપચારોથી મટે તેમ નથી. મરકીના રોગથી મૃત્યુ પામેલા માણસનું મડદું ચીરીને જોયા વિના એનું નિદાન અશક્ય છે.'

પણ પ્લેગથી મરણ પામેલા માણસનું મડદું ચીરે કોણ? આવા ચેપી રોગનાં જંતુઓથી વ્યાપેલા શરીરને ચીરવું, એટલે યમને સામે પગલે નિમંત્રણ મોકલવું! યમને ભેટનાર વીર લાવવો ક્યાંથી? સૌને જીવન વહાલું! બિલાડીને ગળે ઘંટ બાંધે કોણ?

આખી સભા વિસર્જન થવાની અણી પર હતી, ત્યાં એક ફૂટડો યુવાન ઊભો થયો. એની આંખમાં કરુણાજળ હતું, એના ભિડાયેલા હોઠ પર નિર્ણય હતો. એના વદન પર આકર્ષક રૂપ હતું. એના સ્વસ્થ દેહ પર મસ્ત યૌવન હતું.

વૃદ્ધ ડૉકટરો એને જોઈ રહ્યા. અરે, આ હેનરી ગાયન કેમ ઊભો થયો છે? આ પ્રસિદ્ધ ડૉકટર કાંઈ નવીન શોધ તો નથી લાવ્યો ના? સૌનું ધ્યાન ડૉકટર હેનરી ગાયન તરફ હતું.

એ જરા આગળ આવ્યો, અને નમ્રતાથી કહ્યું: 'આપ જાણો છો કે પોતાના જીવનનો મોહ તજ્યા વિના બીજાને જીવન આપી શકાતું નથી, અને જીવન આપ્યા વિના, આવી મહાન શોધો થતી નથી. આપણા દેહના દાનથી હજારો ભાઈબહેનો, અને લાખો માતાનાં આંસુ અટકતાં હોય, તો હું મારો દેહ આપવા તૈયાર છું. લો, આ મારું વસિયતનામું. મારી પાછળ કોઈજ નથી. મારી આ મિલકત મરકીના દર્દીઓ માટે, વાપરજો. માણસના જીવનનો આથી વધારે સારો ઉપયોગ શું હોઈ શકે?"

વૃદ્ધ ડૉકટરો એને જોઈજ રહ્યા. દેહની જે મમતા વયોવૃદ્ધો ન છોડી શકયા, તે એક યુવાને વાતવાતમાં છોડી.

એ તુરત ઓપરેશન ખંડમાં દાખલ થયો. મરકીના રોગથી મૃત્યુ પામેલા માનવદેહને ચીરવા લાગ્યો. કમકમાટી ઉપજાવે એવી દુર્ગન્ધ મારતું મડદું એ ચીરતો ગયો અને રોગનું નિદાન કરતો ગયો. જંતુઓના હુમલાનું સ્થાન અને એનાં કારણોની ચિકિત્સા કરી, એની એક નોંધ તૈયાર કરી. એ નોંધ એણે રાસાયણિક દ્રવ્યોમાં મૂકી, જેથી અડનારને એનો ચેપ ન લાગે.

એણે એનું કાર્ય પૂર્ણ કર્યું, પણ એનો દેહ તો તાવથી કયારનો ય તપી ગયો હતો. એ ઊભો થવા ગયો, પણ પ્લેગનાં જંતુઓએ કયારનો ય એના દેહમાં માળો બાંધી નાખ્યો હતો. એ ઢળી પડ્યો. છતાં એના મુખ પર સંતોષ હતો. કારણ કે પોતે શોધ સંપૂર્ણ કરી હતી.

હેનરી ગાયન ગયો. પણ મરકીના રોગની શોધ એ પાછળ મૂકતો ગયો. એની શોધે લાખો માનવોને જીવતદાન આપ્યું. આવા માનવીઓનાં અર્પણ-ગીત માતા ધરતી અવિરત ગાય છે.



# પુનિયો શ્રાવક

**શ્રમણોની** વાણીનાં નીર્મળાં નીર પીને તૃપ્ત થયેલો પુનિયો આખાયે મગધમાં પ્રસિદ્ધ હતો. સંતોષમાં, સમતામાં, સાદાઈમાં અને સભ્યતામાં એની જોડ ન મળે. અતિથિ–સત્કાર તો એનો જ. એક દિવસ પોતે ઉપવાસ કરી અતિથિને પ્રેમથી જમાડે, ને બીજે દિવસે એની પત્ની ઉપવાસ કરી અતિથિને સત્કારે. એની મૂડી જુઓ તો સાડા બાર દોકડા. રોકડા નહિ હોં; દોકડા! માત્ર બે આના. પણ એ બે આના આજનાં નહિ, ભગવાન શ્રી વર્ધમાનના યુગનાં!

એને ત્યાં એક દિવસ એક વિદ્યાસિદ્ધ અતિથિ આવ્યા. પૂર્ણિમાનો દિવસ હતો અને પુનિયાને ઉપવાસ હતો. એણે સાધર્મિકની પ્રેમથી ભક્તિ કરી.

જમતાં જમતાં મહેમાને ઘરમાં નજર કરી, તો ઘરના ચારે ખૂણે અગિયારસ. માટીથી લીંપેલા સાદા ઘરમાં સ્વચ્છતા અને જમવાનાં થાળી–વાટકા સિવાય બીજું કાંઈ ના મળે. સિદ્ધપુરુષ વિચારી રહ્યા : 'વાહ! દુનિયામાં પુનિયાની નામના છે, જ્યારે ઘરમાં તો કાંઈ કહેતાં કાંઈ ના મળે; પણ એના હૈયામાં કેટલું બધું ભરેલું છે! આવી સ્થિતિમાં પણ જમાડીને જમે છે! ઉપવાસ કરીને પણ સ્વાગત કરે છે! પુનિયા, તેં તો કમાલ કરી!'

સિદ્ધપુરુષને થયું : મારી પાસે સિદ્ધિ છે, શક્તિ છે, તો કાંઈક એને મદદ કરતો જાઉં. આજ રાતે વાત.

પૂનમની રૂપાળી ચાંદની આંગણામાં પથરાઈ હતી. પુનિયો

મીઠી નિદ્રા માણી રહ્યો હતો, કારણ કે એને ન હતો ચોરનો ભય કે ન હતો રાજાનો ભય. એ તો અબધૂતોના અભય સામ્રાજ્યનો નાગરિક હતો!

સિદ્ધપુરુષ ઊભા થયા, રસોડામાં ગયા, એમણે લોખંડનો તવો લીધો, ને પોતાની ઝોળીમાં રહેલો પારસમણિ કાઢી પેલા લોખંડના તવાને અડાડ્યો. લોખંડનો તવો સાવ સોનાનો થઈ ગયો.

સવારે ઊઠી સિદ્ધપુરુષે કાશી ભણી પ્રયાણ આદર્યું.

પ્રભાતે પુનિયાએ જોયું તો પોતાનો તવો જ ન મળે, ચૂલા પાસે રહેલા કાળા તવાને બદલે સુવર્ણનો તવો સૂર્યનાં સોનેરી કિરણોમાં ચમકી રહ્યો હતો. પુનિયાએ નિસાસો નાખ્યો. એનાથી બોલાઈ ગયું:

"અતિથિ! તમે તો જુલમ કર્યો. તમે તો ચમત્કાર કરી ગયા, પણ મારે નવા તવાનો ખર્ચ કાઢવો ક્યાંથી? તમારો આ સોનાનો તવો મારે શું કામનો? શાસ્ત્રોમાં કહ્યું છે: શ્રમ વિના મેળવેલું ધન ધૂળ કરતાંય કનિષ્ઠ!

★

વખત વીતી ગયો. જુદા જુદા તીર્થોની યાત્રા કરી સિદ્ધપુરુષ ફરી રાજગૃહીમાં આવ્યા, અને પુનિયાના જ મહેમાન બન્યા. બપોરે ભોજન પત્યા પછી અતિથિએ પોતાના પ્રવાસની મીઠી મીઠી વાતો કહી.

પ્રવાસકથા પૂર્ણ થતાં છાણા અને લાકડાના ઢગલા વચ્ચે છુપાવેલો સોનાનો તવો કાઢીને સિદ્ધપુરુષને આપતાં પુનિયાએ કહ્યું: "તમે યાત્રા કરવા નીકળ્યા છો, કે કોઈને ખર્ચમાં ઉતારવા? લો, આ તમારો તવો. મારે એ ન જોઈએ. તમને એમ કે ભાઈને મદદ કરતા જઈએ, પણ શ્રમ વિનાનું સોનું લઈએ તો સોના જેવી શુદ્ધ

બુદ્ધિ પછી તવા જેવી કાળી થઈ જતાં કંઈ વાર લાગે? આજે અતિથિનું સ્વાગત કરવા હૈયું જે ઝંખના કરે છે, પછી તે ઝંખના રહે? એક વાર મફતનું લેવાની આદત પડ્યા પછી માણસ જીવનભર મફતનું જ શોધતો ફરે છે. પછી તે ધનકુબેર થઈ જાય તો ય એને આપવાનું નહિ, લેવાનું જ સૂઝે.'

સિદ્ધપુરુષે પુનિયાને નમન કરી કહ્યું: 'મેં વિદ્યા સાધવામાં વર્ષોનાં વર્ષો ગાળ્યાં, પણ સાચી વિદ્યા તો તમે જ મેળવી છે. હું ઘણા તીર્થે જઈ ઘણી નદીઓમાં સ્નાન કરી આવ્યો, પણ મારો આત્મા તો અહીં જ નિર્મળો થયો છે. હવે તો હું એક જ માગું: જે સંતોષને પામીને તમે આ સુવર્ણને પણ ધૂળ ગણ્યું, તે સંતોષનું મને શરણ હો!'

★



# બલિ

**ગુજરાતના** પ્રતાપી સિંહાસન પર આરુઢ થયેલા રાજર્ષિ કુમારપાળના અંગે–અંગમાં અહિંસાની ભાવના રમી રહી હતી. હિંસાના અંધકારથી ત્રાસિત બનેલા જગત પર અહિંસાનો પ્રકાશ લાવવાનું એને સ્વપ્ન લાધ્યું હતું. એને આ સ્વપ્ન આપનાર કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્ર હતા. આ સ્વપ્નદ્રષ્ટાના ચીંધેલા માર્ગે કુમારપાળ ખૂબ જ ધૈર્ય ને શ્રદ્ધાથી આગળ વધી રહ્યા હતા.

અહિંસાનો પ્રથમ પ્રયોગ એણે ગુજરાત ને સૌરાષ્ટ્ર પર કર્યો. આ પ્રયોગના પ્રતાપે જ્યારે અંગ, બંગ ને કલિંગમાં બ્રાહ્મણો પણ માંસાહાર કરતા, ત્યારે અહીંના નીચલા થરના માણસો પણ માંસનું નામ આવતાં ઘૃણા બતાવતા. આ હવા ધીમે ધીમે રાજપૂતાના સુધી જામતી ગઈ. અહિંસાનો પ્રકાશ નીચેના થરને પણ સ્પર્શી રહ્યો.

એ દિવસોમાં ગૂર્જરેશ્વરના કુટુંબમાં જ એક સમસ્યા ઊભી થઈ. કુમારપાળની કુળદેવી કંટેશ્વરી આગળ વર્ષોથી નવરાત્રિના સાતમ, આઠમ અને નોમના દિવસે સેંકડો પશુઓનો બલિ અપાતો. બકરાં અને પાડાઓનું આ અર્ધ્ય બંધ કેમ કરાય? અને બંધ થાય તો દેવીનો કોપ જાગે.

માતાજીનો વાર્ષિક ઉત્સવ–દિન જેમ નજીક આવતો ગયો, તેમ ક્ષત્રિયોનાં મન મુંઝાવા લાગ્યાં. ચૌલુક્યક્ષત્રિયો માતાજીની પ્રસન્નતાથી જેટલા નિર્ભય હતા, એટલા જ એમના કોપથી ભયભીત હતા.

એમની દ્રઢ માન્યતા હતી : મા કોપે તો કાં ચૌલુકયવંશનો નાશ થાય, કાં પરચક્રના આક્રમણથી પાટણ ધૂળ ચાટતું થઈ જાય.

સૌના દિલ પર ભયની ઘટા જામી હતી.

પર્વતના જેવી અડગતાને વરેલો કુમારપાળ પોતાની વીરતાભરી અહિંસા માટે સર્વસ્વને પણ હોડમાં મૂકવા તૈયાર હતો. એને શ્રી હેમચંદ્રાચાર્યની પ્રતિભા અને માર્ગદર્શન પર પૂર્ણ વિશ્વાસ હતો. કુમારપાળ તો શું પણ સમગ્ર પ્રજા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું નામ આવતાં શ્રદ્ધા ને ભક્તિથી નમી પડતી.

. માતાના ઉત્સવના એક દિવસ પહેલાં આસો સુદ છઠ્ઠની નમતી સાંજે સામંતોની એક સભા મળી. સૌ આચાર્યના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા હતા. ત્યાં સૂર્ય જેવા પ્રતાપી અને ચંદ્ર જેવા સૌમ્ય, કંચન જેવા શુદ્ધ, ને કમળ જેવા નિર્લેપ આચાર્ય આવ્યા. સૌ એમને માન આપવા ઊભા થઈ ગયા. આચાર્ય પોતાના આસન પર ગોઠવાયા. વાતાવરણમાં ભવ્યતા જાણે સાકાર થઈ રહી હતી.

ઘનઘોર વાદળો ચીરીને જેમ પ્રત્યૂષ પ્રગટે તેમ આચાર્યની સૌમ્ય વાણી પ્રગટી :

'પ્રજાજનો! માને ભોગ તો ધરવો જ પડશે. બલિ આપ્યા વિના કાંઈ ચાલે? પશુઓની સાથે આ વર્ષે તો મીઠાઈ પણ વધારે ધરો. કુળદેવીને પ્રસન્ન રાખો. માનો કોપ કેમ વેઠાય? બલિ આપો, જરૂર આપો?'

માંસભક્ષી પૂજારીઓનાં હૈયાં તો નાચવા લાગ્યાં. આ શું કહેવાય? અહિંસાના ઉપાસક આચાર્ય આજે હિંસામાં સંમતિ આપે? પણ કુમારપાળના દિલમાં એમના માર્ગદર્શન પર દૃઢ શ્રદ્ધા હતી.

આચાર્ય ફરી બોલ્યા :

'બલિ આપો, પણ હાથ લોહીથી ખરડીને નહિ. જે જીવોને ધરવા હોય તેમને માતાજીના ચરણોમાં જીવતા જ ધરી દો, અને

મંદિરનાં દ્વાર બંધ કરો. માતાજીને ઈચ્છાનુસાર ભોગ લેવા દો આજ સુધી તમે મડદાંઓનો ભોગ ધર્યો. આ વખતે જીવતાઓને જ ધરો. પશુઓના અક્ષત દેહને માતાના ચરણોમાં ધરશો તો માતા વધારે પ્રસન્ન થશે!'

વાત વ્યાજબી હતી. પ્રયોગ સુંદર હતો. ભલે માતાજી સ્વહસ્તે બલિ સ્વીકારી લે. એ દિવસે પશુઓને જીવતાં મંદિરમાં પૂરવામાં આવ્યાં બહાર બધા ભક્તો ભજન કરતાં રાત્રિજાગરણ કરતા રહ્યા.

સાતમનું પ્રભાત હતું. ભગવાન સૂર્યનારાયણ માતાજીના મંદિર પરના સુવર્ણ કળશમાં પોતાનું પ્રતિબિંબ જોઈ રહ્યા હતા, ત્યારે મંદિરને દ્વારે માણસ મા'તું નહોતું. પાટણના નાગરિકો રાત્રે ધરેલા બલિનું શું થયું, તે જોવા ઊભરાયા હતા.

ગૂર્જરેશ્વરની આજ્ઞા થતાં કિચૂડ કિચૂડ કરતાં મંદિરનાં મુખ્ય દ્વાર ખુલ્યાં, ને મંદિરની બંધિયારી હવામાં મુંઝાઈ ગયેલાં નિર્દોષ પશુઓ બેં બેં કરતાં બહાર ધસી આવ્યાં!

પૂર્ણ પ્રેમ ને ભક્તિથી માતાને નમન કરી, રાજા કુમારપાળે કહ્યું: 'કહો, પ્રજાજનો! બલિ કોને ખપે છે? માતાને કે પૂજારીઓને? મા તે મા છે. મા પોતાનાં નિર્દોષ ને મૂંગાં બાળકોના પ્રાણ લે ખરી? માંસભૂખ્યો માણસ માના નામે ક્રૂર હિંસા ભરેલો બલિ ધરે છે, ને અંતે તો પોતે જ એનો ઉપભોગ કરી જાય છે. કરુણાળુ દેવોના નામે આવો અત્યાચાર! જય હો કરુણાળુ કુળદેવીનો!'

કુમારપાળનો જયનાદ ઝીલતા પૂજારીઓના મુખ પર ખિન્નતા હતી.

પ્રજાનાં નેત્રોમાં પ્રસન્નતા હતી.

કુમારપાળના આત્મામાં અહિંસા પ્રત્યેની અણનમ શ્રદ્ધા હતી.



# સંસ્કૃતિને ઘડનારો શિલ્પી

**વસંતોત્સવનો** સોહામણો દિવસ હતો. ગૂર્જરપતિ ભીમદેવની હાજરીમાં ગુજરાતનાં પ્રસિદ્ધ તીરંદાજો તીરંદાજી ખેલી રહ્યા હતા. પાટણની પ્રજા આ શૂરવીરોને આનંદથી જોઈ રહી હતી. છેલ્લે એક નિશાન ગોઠવવામાં આવ્યું. અને એ નિશાનને જે વીંધે તેને માટે ઇનામ જાહેર થયું. તીરંદાજોની આમાં કસોટી હતી. કારણ કે નિશાન ઘણું દૂર હતું. એક પછી એક તીરંદાજો આવતા ગયા અને નિશાનને તાકતા ગયા. પણ નિશાન કોઈથીય ન ભેદાયું.

એવામાં ખભે ધનુષ્ય નાંખીને એક અજાણ્યો યુવાન આવતો દેખાયો. પહોળી છાતી, ગોળ ગોળ મસલ, ઝૂલતા બાહુ અને વજ્ર જેવો દેહ સાદા વસ્ત્રોમાં છૂપાયેલો હતો. એણે આવી, રાજાને વિનયથી નમન કર્યું. ભીમદેવે એની સામે જોયું તો, શ્યામ ઘટાદાર દાઢીમૂછમાં પુનમના ચાંદ જેવું એનું પ્રકાશિત મુખ હસી રહ્યું હતું. રાજાએ કહ્યું, 'યુવાન! તું પણ તારા તીરને આ નિશાન પર અજમાવી જો.'

યુવાન ચાર ડગલાં આગળ આવ્યો. પોતાની કાયાને જરા ટટાર કરી અને ધનુષ્યને નમાવ્યું. પોતાના કાન સુધી પણછ ખેંચી લાક્ષણિકતાથી તીર છોડ્યું. અને એક ક્ષણમાં તો એ નિશાન ભેદીને ગગનમાં અદૃશ્ય પણ થઈ ગયું.

રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. એક વણિકમાં આવું બળ અને આવી કળા!

ભીમદેવે તીર ક્યાં ગયું છે એ શોધવા સૈનિકને મોકલવા માંડ્યો, ત્યારે યુવાને કહ્યું 'મહારાજ! માણસને નહિ, ઘોડેસ્વારને મોકલો, નહિ તો એ સાંજે પણ પાછો નહિ આવે.'

બાર માઈલની મજલ કરી, હાંફતો ઘોડેસ્વાર તીરને હાજર કરતાં કહેવા લાગ્યો, 'છ માઈલ દૂર જઈ આ તીર પડ્યું હતું.'


આશ્ચર્યમાં ડૂબેલા રાજાએ પૂછ્યું, 'યુવાન તારું નામ?'

વણિકે નમ્રતાથી નમન કરી કહ્યું: 'લોકો મને વિમળ કહે છે.'

થોડા દિવસમાં પાટણની પ્રજાએ સાંભળ્યું કે, વિમળ મંત્રી છે.

પણ આજ તો આબુના દેવભવન જેવાં ભવ્ય મંદિરો જોઈ આખું જગત કહે છે એ વિમળ મંત્રી ભલે હોય, એ તો સંસ્કૃતિને ઘડનારો એક મહાન્ સ્વપ્નદ્રષ્ટા શિલ્પી હતો.

★



# પ્રેમના ટેભા

**ભા**વનગરના મહારાજા એક સંતના દર્શને ગયા. સંત પાસે એ બેઠા હતા, ત્યારે ઓચિંતી એની નજર સંતના અંગરખા પર ગઈ. ભારે કસબથી એ સીવેલું હતું. એના બખિયા ને ટેભા ભારે કલામય હતા. એને સીવનારો દરજી પણ પાસે જ બેઠો હતો. રાજાએ બહાર નીકળતાં દરજીને પૂછ્યું 'આ અંગરખું તમે સીવ્યું કે?' દરજીએ હા કહી.

રાજા કહે, 'મને પણ આવું જ સીવી આપો. તમે માંગશો એટલી મજૂરી મળશે: પણ યાદ રાખજો ટેભા તો આવા જ જોઈએ.'

દરજીએ કહ્યું: 'અન્નદાતા! આપને માટે કામ કરું અને એમાં ખામી હોય! અઠવાડિયા પછી ઘણી જ ખંતથી તૈયાર કરેલું સુંદર ટેભાવાળું અંગરખું દરજીએ હાજર કર્યું.. રાજાએ જોયું. એ ખુશ થયા. એની કલા પર મુગ્ધ થયા. પણ સંતના અંગરખા જેવા વ્યવસ્થિત ને એકધારા ટેભા એમાં ન હતા.

રાજાએ કહ્યું: 'કામ સારું છે. તમે તમારી કલા બતાવી છે, પણ આ ટેભા પેલા સંતના અંગરખા જેવા તો નથી જ.'

દરજીએ કહ્યું: 'અન્નદાતા! મેં હાથથી, આંખથી, મારી આવડતથી થાય એટલું કામ કર્યું છે. પણ પેલા અંગરખામાં તો આ બધાંની સાથે મારો હૃદયનો પ્રેમ પણ કામ કરતો હતો. એટલે હું શું કરું? પ્રેમના ટેભા ફરીફરી ક્યાંથી લાવું?'



# અન્તરપટ

**પ્રજ્ઞાપૂર્ણ** આ વાત જાણી ત્યારે શિષ્યના આનંદનો પાર ન રહ્યો. અને આનંદના અતિરેકમાં એનાં અન્તરનાં દ્વાર ઊઘડી ગયાં.

વાત આ હતી: એના ગુરુ પાસે લોખંડની એક સુંદર ડબ્બી હતી. આ ડબ્બીને એ જતનથી જાળવતા. શિષ્યના હૈયામાં આશ્ચર્ય હતું. ગુરુ નિર્મોહી છે. અનાસક્ત અને જ્ઞાની છે; છતાં આ ડબ્બીમાં તે એવું શું છે કે એને એ જીવની જેમ જાળવે છે. પણ એ આજ્ઞાંકિત હતો. ગુરુની આજ્ઞા વિના ચોરીથી ડબ્બીને સ્પર્શવામાં એ પાપ માનતો. દિવસે દિવસે એનું કૌતુક વધતું ગયું.

ઋતંભરા પ્રજ્ઞાના સ્વામી શિષ્યનાં આ સૂક્ષ્મ ભાવોને અવલોકી રહ્યા હતા. શિષ્યની નિષ્ઠા અને શ્રદ્ધાભરી પ્રીતિભક્તિથી પ્રસન્ન થઈ એમણે કહ્યું, 'વત્સ, પેલી પારસમણિવાળી લોખંડની ડબ્બી લાવ તો.'

શિષ્યના કૌતુક સાથે આશ્ચર્ય વધ્યું. 'લોખંડમાં પારસમણિ? અરે, આ તે કેમ બને? પારસમણિનાં સ્પર્શથી તો લોખંડ સોનું થાય!' તર્કમાં અને વિચારમાં એણે ડબ્બી લીધી અને ગુરુનાં ચરણે ધરી.

ગુરુએ ડબ્બી ખોલી. વસ્ત્રમાં લપેટાયેલ પારસમણિ જાણે હસીને પ્રકાશનાં કિરણો વેરી રહ્યો હતો. ગુરુએ વસ્ત્રને દૂર ફેંકી પારસમણિ ડબ્બીમાં મૂક્યો. અને લોખંડની ડબ્બી સુવર્ણમાં ફેરવાઈ ગઈ.

'વત્સ, જોયું ને! આટલા વર્ષ પારસમણી અને લોખંડનો

સંયોગ રહ્યો પણ કોઈની યે અસર કોઈના ઉપર ના થઈ. કારણ કે અંતરપટ હતું.'

પ્રભુને પામવાનો પણ એ જ સિદ્ધાંત છે. આત્મા અને પરમાત્મા વચ્ચે વાસનાનું વસ્ત્ર છે. એ ટળે તો જ જીવ શિવ થાય; આત્મા પરમાત્મા બને!

★

## આચરણ



**પ્રભાતનું** દ્વાર હમણાં જ ઊઘડ્યું હતું. શહેરના રાજમાર્ગ પર માણસોની અવરજવર વધતી જતી હતી. એક વૃદ્ધ લાકડીને ટેકે પસાર થઈ રહ્યો હતો. ત્યાં સામેથી એક યુવાન આવતો હતો. ધૂનમાં વૃદ્ધ સાથે એ અથડાઈ પડ્યો. અથડાઈ પડનાર યુવાન સશક્ત અને સમર્થ હતો. આવેશમાં આવી એણે એક તમાચો વૃદ્ધના ગાલ પર ચોડ્યો.

જાણે કંઈ જ બન્યું નથી એમ વૃદ્ધે હાથ જોડી કહ્યું: "ક્ષમા કરો. આપને ખબર નહિ હોય કે હું અંધ છું. આપને ક્યાંય વાગ્યું તો નથી ને?"

આ શબ્દોએ યુવાનના હૃદય પર અદ્‌ભુત અસર કરી. એ વૃદ્ધને પગે પડી રડવા લાગ્યો: "ક્ષમા તો મારે માંગવાની છે, દાદા, શાન્તિની વાતો તો મેં ઘણીય સાંભળી છે. અને દાંભિક શાન્તિ રાખનારા પણ મેં ઘણાય જોયા છે, પણ તમે તો શાન્તિને ભલાઈની કલગીથી શણગારી છે."

એક યુવાન માટે આથી ઉત્તમ આચરણનો બીજો બોધપાઠ શું હોઈ શકે?



# જિજ્ઞાસા

**એ** સાધુ હતો. રાજ્યનાં સુખોને છોડી એ સાધુ થયો હતો. પોતાની મસ્તીમાં ડોલતો એ જીવન વીતાવી રહ્યો હતો. હવે કોઈ જ ચિન્તા ન હતી. ન એનાં તરફથી કોઈનેય ભય હતો, ન એને કોઈનોય ભય હતો. સંતોષના સુખમાં એ મગ્ન હતો.

એક દિવસ રાજ્યમાર્ગ પર થઈ એ ચાલ્યો જતો હતો. એની આંખમાં બેપરવાહી હતી, પણ ત્યાં એની નજર ચમકતા એક લાલ માણેક પર પડી. રાજ્યમાર્ગના ખૂણા પર સૂર્યના તેજમાં એ લાલ નંગ ઝગમગી રહ્યું હતું.

એ રાજા હતો ત્યારે એણે ઘણાય હીરા પન્ના જોયા હતા. મૂલ્યવાન લાલ માણેક અને રત્નો પણ જોયાં હતાં. પણ અત્યારે એની દૃષ્ટિ સામે ચમકતું હતું એવું તો એણે કદીય નહોતું જોયું. એને હવે કંઈ જ જોઈતું નહોતું, છતાં જિજ્ઞાસા જાગી : લાવ, જોઈ તો લઉં. કેવું છે આ લાલ માણેક!

એણે વાંકા વળી હાથ લંબાવ્યો. અને એ ચમક્યો. કારણ કે એ તો કોઈએ પાન ખાઈને થૂંકેલો કફનો લાલ ગળફો હતો!

સાધુએ પોતાના મનને કહ્યું : લે, જોઈ લે. બરાબર જોઈ લે.

સાધુ થવા છતાં જિજ્ઞાસા ન ગઈ તો ફજેતીપૂર્વક તારી જિજ્ઞાસા પૂર્ણ થઈ ને!

★

ઘરઘરનું ધર્મબોધભર્યું પુસ્તકાલય

# શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ

હઠીભાઈના દેરા સામે : દિલ્હી દરવાજા બહાર : અમદાવાદ

## વર્ષ પહેલું ૨૦૧૩

૧ ભગવાન મહાવીર ૩-૦૦
૨ સુવર્ણ કંકણ ૧-૫૦
૩ સદ્વાચનમાળા શ્રેણી ૧ લી ૨-૦૦
૪ સૌરભ ૨-૦૦
૫ સતની બાંધી પૃથવી ૨-૦૦
૬ સદ્વાચન શ્રેણી ૨ જી ૨-૫૦

ભેટ પુસ્તક : અક્ષય તૃતીયા

## વર્ષ બીજું ૨૦૧૪

૧ ભગવાન ઋષભદેવ ૩-૫૦
૨ વીરડાંના પાણી ૨-૦૦
૩ ભવનું ભાતું ૧-૨૫
૪ સદ્વાચનમાળા શ્રેણી ૩ જી ૨-૫૦
૫ પાપ અને પુણ્ય ૨-૦૦
૬ પ્રેમપંથ પાવક જ્વાળા ૧-૫૦

ભેટ પુસ્તક : દહીંની વાટકી

## વર્ષ ત્રીજું ૨૦૧૫

૧ પ્રેમનું મંદિર ૩-૫૦
૨ જગતશાહ ૩-૦૦
૩ હવે તો જાગો ૨-૦૦
૪ શ્રી નેમ-રાજુલ ૨-૫૦
૫ રાગ અને વિરાગ ૧-૨૫
૬ આંમે

ભેટ પુ

## વર્ષ ચોથું ૨૦૧૬

૧ સંસારસેતુ ૩-૫૦
૨ સદ્વાચન શ્રેણી ૪ થી ૩-૦૦
૩ માતૃદેવો ભવ ૧-૫૦
૪ મંત્રીશ્વર વિમલ
૫ ત્યાગની વેલી
કલંક મોતી

ઉપરાંત એક ભેટ પુસ્તક

વાર્ષિ ... ૦ : પોસ્ટેજ જુદું.

ટાઇટલ પ્રીન્ટેડ : ફીનીક્ષ પ્રીન્ટીંગ વર્કસ, અમદાવાદ.